


કહાન સંવત-૫ [૫૦૩] ❋ આત્મધર્મ ❋ [અંક : ૩ વર્ષ : ૪૨] વીર સં. ૨૫૧૧ સપ્ટેમ્બર, ૧૯૮૫

# જૈન દર્શનનો મૂળ સિદ્ધાંત

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, સ્પર્શ કરતું નથી.

દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય.

પરદ્રવ્યની સામે જોતાં રાગ જ થાય.

પોતાના દ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડીને જોતાં કે ગુણ-ગુણીના ભેદ પાડીને જોતા રાગ જ થાય, વીતરાગતા ન થાય.

પંચમ પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ ધર્મ-વીતરાગતા થાય—એ ઉપરના ચાર બોલનો સાર છે; આ જૈનદર્શનનો મૂળ સિદ્ધાંત છે.

આહાહા! આ વાત ભગવાનના ઘરની ને ભગવાન થવાની છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એ વાત બેસે નહિ ત્યાં સુધી કર્તાબુદ્ધિ છૂટે નહિ.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ ને સ્પર્શે નહિ, એ બીજા દ્રવ્યનું કરે શું? આ વાત દાંડી પીટીને સિંહનાદથી કહે છે. વીતરાગ સર્વજ્ઞના ઘરની આ વાત દિવ્યધ્વનિમાં આવેલી છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શતું નથી. આ મહા સિદ્ધાંત સમયસારની ગાથા ૩ માં કહ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતાનો આ ઓછો પોકાર છે? કુંભાર માટીને અડતો કે સ્પર્શતો જ નથી તો ઘડાને કરે શું? માટી જ સ્વયં કર્તા થઈને ઘડાને કરે છે. આ તો ભગવાને કહેલી. અંતરમાંથી આવેલી આ વાત છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

*

હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદસ્વરૂપ સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે! એમ દિગમ્બર સંતોની વાણી મારફાડ કરતી—ઝબકારા કરતી આવે છે કે તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને તું આજે જ દેખ! આજે જ સ્વીકાર કર ને હા પાડ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો.

—પૂજ્ય ગુરુદેવશ્રી

—*—

કહાન
સંવત–૫
વર્ષ–૪૨
અંક–૩
[૫૦૩]




વીર
સંવત
૨૫૧૧
A. D. 1985
SEPT.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પ્રશમમૂર્તિ બહેનશ્રી

પૂજ્ય બહેનશ્રીની ૭૨મી જન્મજયંતીના શુભ પ્રસંગે અમદાવાદના દિગમ્બર જૈન મુમુક્ષુવૃંદે સામાન્ય જનતાની જાણ માટે પ્રસિદ્ધ કરેલી, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સંક્ષિપ્ત જીવન-પરિચયની પુસ્તિકામાંથી

ભૌતિક વિદ્યા અને ઉપલબ્ધિઓની પાછળ દોડતા આ જગતને વિષે ધાર્મિક સંસ્કૃતિના પાયારૂપ કલ્યાણી અધ્યાત્મવિદ્યા લુપ્તપ્રાય થઈ ગઈ છે. જૈનસંસ્કૃતિના પ્રાણભૂત તે પાવની વિદ્યાનું પ્રવર્તમાન યુગમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ પુનઃ બીજારોપણ કર્યું, અને સોનગઢના સંત, સાનુભવ અધ્યાત્મતત્ત્વદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ તો, વર્ષો સુધી અધ્યાત્મરસભરી વાણી વરસાવીને, એક અનોખો અધ્યાત્મયુગ પ્રવર્તાવ્યો. જેમને તેમની શુદ્ધાત્મતત્ત્વસ્પર્શી અનુભવરસભીની અનુપમ વાણીના શ્રવણનું પરમ સૌભાગ્ય લઘુ વયમાં જ પ્રાપ્ત થયું, જેમણે ૧૮ વર્ષની બાળાવયે તત્ત્વમંથનના અંતર્મુખ ઉગ્ર પુરુષાર્થથી શુદ્ધાત્મદેવના સાક્ષાત્કારને પામી આનંદરસભીની નિર્મળ સ્વાનુભૂતિ પ્રાપ્ત કરી અને જેમનું અન્તર્બાહ્ય પવિત્ર જીવન મુમુક્ષુ-જગતને સાધનાની પાવન પ્રેરણા આપનારો અનુપમ આદર્શ બન્યું, તે પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન ખરેખર આ યુગની એક અસાધારણ 'અધ્યાત્મ-વિભૂતિ' છે.

આ પવિત્રાત્મા બહેનશ્રી ચંપાબેનની ૯૨મી જન્મજયંતી (શ્રાવણ વદ બીજ) પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સોનગઢ (સૌરાષ્ટ્ર)માં તા. ૨૮-૮-૮૫ થી તા. ૧-૯-૮૫—પાંચ દિવસના વિશિષ્ટ સમારોહપૂર્વક અમદાવાદના દિગંબર જૈન મુમુક્ષુવૃન્દ તરફથી અતિ આનંદોલ્લાસ સહ ઊજવવામાં આવનાર છે. તેના સંદર્ભમાં ભારતવર્ષની તે અધ્યાત્મવિભૂતિનો સંક્ષિપ્ત જીવન-પરિચય જિજ્ઞાસુઓની જાણ માટે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

બહેનશ્રી ચંપાબેનનો જન્મ વઢવાણ શહેરમાં વિ. સં. ૧૯૭૦ના શ્રાવણ વદ બીજના દિને થયો હતો. (તેમના પિતાશ્રી જેઠાલાલ મોતીચંદ શાહ વઢવાણ સ્ટેટમાં જરીફ તરીકે કામ કરતા હતા. એક સંનિષ્ઠ અને અત્યંત પ્રમાણિક વ્યક્તિ તરીકે સ્ટેટમાં તેમની સારી પ્રતિષ્ઠા હતી.) બહેનશ્રી ચંપાબેન નાની વયથી ઓછાબોલાં, મધુરભાષી, ધર્મભાવનાવાળાં, સદાચાર પ્રત્યે પ્રીતિવંત અને સંસાર પ્રત્યે અતિ ઉદાસીન હતાં તથા આત્મકલ્યાણ કરી લેવાની તીક્ષ્ણ વૃત્તિ ધરાવતાં હતાં. પંદરેક વર્ષની વયે તેમને પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી (તે વખતના સ્થાનકવાસી જૈન સાધુ અને પાછળથી દિગંબર જૈન આમ્નાયના સાધક બ્રહ્મચારી) નાં વ્યાખ્યાનો સાંભળવાનો યોગ બન્યો. તેમનાં આત્માર્થપ્રેરક અધ્યાત્મરસપૂર્ણ તાત્ત્વિક વ્યાખ્યાનોની બહેનશ્રી પર ઊંડી અસર થઈ.

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ફરમાવતા કે 'અનાદિ કાળથી પરિભ્રમણ કરતા આ જીવે અનંત વાર અત્યંત કડક મુનિદીક્ષા પાળી છે, અત્યંત દુર્ધર વ્રત-તપ ધારણ કર્યાં છે, પણ સમ્યગ્દર્શન — આત્મસાક્ષાત્કાર — પ્રાપ્ત કરેલ નથી, તેથી તેના ભવભ્રમણનો અંત આવતો નથી. સમ્યગ્દર્શન થતાં જીવને સિદ્ધભગવાનના આનંદની વાનગીનો સ્પષ્ટ અનુભવ થાય છે અને તેના ભવભ્રમણનો અવશ્ય અંત આવે છે. સમ્યગ્દર્શન અતિ દુષ્કર છે અને તે કરોડો વ્યક્તિમાં કોઈક જ પ્રાપ્ત કરી શકે છે.' —ગુરુદેવની આ વાત બહેનશ્રીએ હૃદયમાં દૃઢપણે ધારણ કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ધાર્મિક વાંચન, તત્ત્વમંથન, આત્મસ્વરૂપના ઊંડા વિચાર, ધ્યાન ઇત્યાદિનો ઊંડી ધગશપૂર્વક ઉગ્ર પુરુષાર્થ કરવા માંડયો અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વિના જંપ્યાં નહિ. આખરે તેમણે વિ. સં. ૧૯૮૯,

ફાગણ વદ દશમના દિને (વાંકાનેરમાં મોટા ભાઈ શ્રી વ્રજલાલભાઈના ઘરે) નિર્વિકલ્પ સમ્યગ્દર્શન — આત્મસાક્ષાત્કાર — પ્રાપ્ત કરી અંશે સિદ્ધસદૃશ અતીન્દ્રિય આત્માનંદનો સ્વાદ પ્રગટ કર્યો; આત્મપરિણતિએ પરસન્મુખ વહેણ બદલી નિજાત્માભિમુખ બની મોક્ષમાર્ગે પ્રયાણ આદર્યું. નિર્વિકલ્પ દશા છૂટતાં પણ, અન્ય કાર્યોમાં જોડાતાં પણ, 'હું જ્ઞાતા છું, કર્તા નથી' એવી જ્ઞાતૃત્વભાવરૂપ — અકર્તૃત્વભાવરૂપ પવિત્ર પરિણતિ નિરંતર અતૂટપણે પ્રવહતી રહી. પરિણતિની આખી દિશા જ પલટાઈ ગઈ. ધન્ય છે તે સતત-વહેતી અમૃતઝરણી કલ્યાણી જાત્યંતર પરિણતિ !

બહેનશ્રીને, તે વખતે સૂરત રહેતા તેમના ભાઈ હિંમતભાઈ સાથે ધાર્મિક ચર્ચાવાર્તાયુક્ત પત્રવ્યવહાર ચાલતો. સં. ૧૯૮૯ના ચૈત્ર માસમાં એક ટૂંકા પત્રમાં બહેનશ્રી દ્વારા લખાયેલાં અત્યંત-નિઃશંક પુરુષાર્થપ્રેરક વચનો વાંચીને હિંમતભાઈને એમ થયું કે 'શું બહેનને સમકિત થયું હશે ?' તુરત જ તેમણે પત્ર દ્વારા તે સંબંધી સીધો પ્રશ્ન પૂછતાં બહેનશ્રી દ્વારા સહજ નમ્રભાવથી નીતરતી ભાષામાં જે સ્પષ્ટ પ્રત્યુત્તર મળ્યો તે આ છે: 'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.' કેવું રોમાંચકારી મધુર મંગળમય વાક્ય ! નમસ્કાર હો આ પવિત્ર વાક્યથી વર્ણવાયેલી ભવાન્તકારિણી મંગળમય સમ્યક્ત્વપરિણતિને !

પરમ ઉપકારી ગુરુદેવ પૂજ્ય શ્રી કાનજીસ્વામીએ વિ. સં. ૧૯૯૧માં દિગંબર જૈન ધર્મ અંગીકૃત કરી સોનગઢમાં સ્થિરવાસ કર્યો; ત્યારથી તેમનાં વ્યાખ્યાનોનો લાભ લેવા માટે બહેનશ્રી પણ સોનગઢમાં રહી નિજ આત્મસાધના કરી રહ્યાં છે અને પ્રતિદિન પ્રગતિ કરી રહ્યાં છે. તેઓ આંતરિક પ્રવૃત્તિરૂપે નિજશુદ્ધાત્મભગવાનમાં લીનતા વધારવાનો પુરુષાર્થ નિરંતર કર્યા કરે છે અને સાથે સાથે બાહ્ય પ્રવૃત્તિરૂપે સત્શ્રવણ, સ્વાધ્યાય, મંથન, ધ્યાન, જિનેન્દ્રપૂજા, દેવગુરુ-ભક્તિ ઇત્યાદિ કાર્યોમાં પ્રવર્તે છે. વૃદ્ધિગત આધ્યાત્મિક વિકાસની સાથે સાથે તેમને ગત અનેક ભવોનું સાતિશય જાતિસ્મરણજ્ઞાન પણ પ્રગટ થયું છે.

ભારતવર્ષમાં તેમ જ વિદેશમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

હજારો અનુયાયીઓ છે. તે બધા અનુયાયીઓના હૃદયમાં પવિત્ર ઉપકારી વ્યક્તિ તરીકે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પછી બહેનશ્રી ચંપાબેનનું સ્થાન છે. બહેનશ્રી ચંપાબેન સમસ્ત મુમુક્ષુસમાજમાં 'બહેનશ્રી'ના આદરસૂચક મહિમાપૂર્ણ નામથી ઓળખાય છે.

સોનગઢમાં સેંકડો મુમુક્ષુ ભાઈબહેનો પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ઉપસ્થિતિમાં તેઓશ્રીના પાવન અધ્યાત્મ-ઉપદેશ દ્વારા આત્મકલ્યાણ કરવા માટે રહેતાં હતાં અને આજે પણ ત્યાંની પાવનકારી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા તેમ જ અવારનવાર પ્રાપ્ત થતાં પૂજ્ય બહેનશ્રીનાં દર્શન તથા ધર્મ-વચનો દ્વારા આત્મસાધના કરવા માટે રહે છે. ત્યાં લગભગ સિત્તેર જેટલી કુમારિકા બહેનોએ આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકૃત કરી છે. મહિલા-બ્રહ્મચર્યાશ્રમમાં રહેતાં કુમારિકા બ્રહ્મચારિણી બહેનો પૂજ્ય બહેનશ્રીની આધ્યાત્મિક છત્રછાયામાં નિજાત્મસાધના કરી રહ્યાં છે. પૂજ્ય બહેનશ્રી આત્માનુભવી, સહજવૈરાગી, પ્રશાંતમૂર્તિ છે. તેમના શાન્ત પવિત્ર આત્માની છાયા તેમની મુખમુદ્રા પર સ્પષ્ટ દેખાય છે અને તેમના દેહમાં પણ શાન્ત-રસના ઢાળા ઢળી ગયા છે, જેથી તેમના પ્રસંગમાં આવતા મુમુક્ષુઓનાં હૃદય પર શાન્તરસપ્રધાન અધ્યાત્મની ઊંડી છાપ પડે છે. બહેનશ્રી બોલે છે બહુ ઓછું, પરંતુ જે કાંઈ બોલે છે તે તોળી તોળીને, રસકસથી ભરેલું. તેમનાં વચનો આત્મવેદનપૂર્વક નીકળતાં હોવાથી મુમુક્ષુઓનાં હૃદયમાં સોંસરાં ઊતરી જાય છે.

બહેનશ્રીએ મહિલા-શાસ્ત્રસભામાં ઉચ્ચારેલાં—તેમની અનુભવધારામાંથી વહેલાં — આત્માર્થપોષક તાત્ત્વિક વચનોમાંથી વિણાયેલાં વચનામૃતો 'બહેનશ્રીનાં વચનામૃત' નામના પુસ્તકરૂપે પ્રકાશન પામ્યાં છે. તે પુસ્તક આત્માર્થીઓને પ્રેરણાદાયી તેમ જ તાત્ત્વિક જ્ઞાન દેનારું હોવાથી મુમુક્ષુ-ઓનાં મનને પ્રમુદિત કરે છે. માત્ર આઠ વર્ષ જેટલા સ્વલ્પ સમયમાં જ ગુજરાતી, હિન્દી, મરાઠી અને કન્નડ ભાષામાં તેની ૮૬૦૦૦ નકલો મુદ્રિત થઈ ગઈ છે. પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી વહેલી પ્રવચનધારામાંથી ઝિલાયેલાં અમૃત-બિંદુઓનો આ લઘુ સંગ્રહ ભિન્ન ભિન્ન કક્ષાના સર્વ મુમુક્ષુઓને અતિ ઉપયોગી છે. તેમાં આત્માર્થપ્રેરક અને તત્ત્વબોધક અનેક વિષયો આવી

ગયા છે. માર્ગપ્રાપ્તિ માટે આત્માની લગની, જ્ઞાનીની સહજ પરિણતિ, અશરણ સંસારમાં વીતરાગ દેવ-ગુરુ-ધર્મનું જ શરણ, સ્વભાવપ્રાપ્તિ માટેની યથાર્થ ભૂમિકાનું સ્વરૂપ, મોક્ષમાર્ગમાં પ્રારંભથી માંડીને પૂર્ણતા સુધી પુરુષાર્થની જ મહત્તા, દ્રવ્યદષ્ટિ અને સ્વાનુભૂતિનું સ્વરૂપ તથા તેનો ચમત્કારિક મહિમા, ગુરુભક્તિનો તથા 'ગુરુદેવ'ની ભવાન્તકારિણી વાણીનો અદ્ભુત મહિમા, મુનિદશાનું અંતરંગ સ્વરૂપ તથા તેનો મહિમા, નિર્વિકલ્પ દશા—ધ્યાનનું સ્વરૂપ, કેવળજ્ઞાનનો મહિમા, જ્ઞાનીને ભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય આદિ પ્રસંગોમાં અખંડિતપણે ચાલુ રહેતી ભિન્ન-પરિણમતી જ્ઞાતૃત્વધારા—વગેરે વિધવિધ વિષયોનું આ લઘુ ગ્રંથમાં સાદી છતાં અસરકારક સચોટ ભાષામાં સુંદર નિરૂપણ થયું છે.

અસંગ આત્મદશાનાં પ્રેમી પૂજ્ય બહેનશ્રી મોક્ષપ્રાપ્તિના સાધ્યને વરેલાં છે. તેમને લૌકિક વ્યવહારના પ્રસંગોમાં બિલકુલ રસ નથી. તેમના પવિત્ર ગુણગંભીર વ્યક્તિત્વ વિષે અધ્યાત્મયોગી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી-સ્વામીના શ્રીમુખેથી પ્રસન્નહૃદયે અનેક વાર અહોભાવપૂર્વક નિમ્નલિખિત ભાવોદ્ગાર સરી પડતા:—"બહેનોનાં મહાન ભાગ્ય છે કે ચંપાબેન જેવાં 'ધર્મરત્ન' આ કાળે પાક્યાં છે. બેન તો હિન્દુસ્તાનનું અણમોલ રતન છે. અતીન્દ્રિય આનંદનો નાથ એને અંદરથી જાગ્યો છે. એમની અંદરની સ્થિતિ કોઈ જુદી જ છે. તેમની સુદૃઢ નિર્મળ આત્મદૃષ્ટિ તથા નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો જોટો આ કાળે મળવો મુશ્કેલ છે. ....અબજો વર્ષનું તેમને જાતિસ્મરણજ્ઞાન છે. બેન તો પોતાની અંદરમાં—પોતાના કામમાં એવાં મશગૂલ છે કે તેમને બહારની બીજી કાંઈ પડી નથી. પ્રવૃત્તિનો તેમને જરાય રસ નથી. એમની બહારમાં પ્રસિદ્ધિ થાય તે એમને પોતાને બિલકુલ ગમતું નથી."

જેમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી નિજાત્માનુભવી અધ્યાત્મયુગ-પ્રવર્તક મહાપુરુષ હતા અને તેમની સાતિશય બળવાળી વજ્રવાણીએ હજારો જિજ્ઞાસુઓને શુદ્ધાત્મસાધનાનો પાવન પંથ બતાવ્યો, તેમ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પણ ભારતવર્ષની સ્વાનુભવપરિણત અસાધારણ યુગ-મહિલા છે. અને તેમનું અધ્યાત્મરસપરિણત જીવન તેમ જ અનુભવ-

રસઝરતી વાણી હજારો સુપાત્ર સ્ત્રી-પુરુષોને સ્વાનુભવપ્રમુખ ધર્મ પ્રતિ આકર્ષિત કરી રહ્યાં છે.

અહો ! જેમની મંગળ છાયાથી આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ—સુવર્ણપુરી—'જીવન્ત અધ્યાત્મતીર્થ' રૂપે જૈનજગતમાં દીપી રહી છે, જેમના દ્વારા સહજભાવે સમ્યક્ તત્ત્વજ્ઞાન તેમ જ સ્વાનુભૂતિ-પ્રધાન યથાર્થ મોક્ષમાર્ગનો સમુદ્યોત થઈ રહ્યો છે, અને જેમના હૃદયમાં પરમ-ઉપકારી ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર મહિમા કોતરાઈ ગયો છે તેમ જ ભાવભરી વાણી દ્વારા અદ્ભુત રીતે વ્યક્ત થઈ રહ્યો છે, તે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અધ્યાત્મસાધનામય પવિત્ર જીવન વિષે શબ્દોમાં વિશેષ શું કહી શકાય? 'બહેનશ્રીનાં વચનામૃત' નામક ગ્રંથના અવગાહનથી તેમના જીવનની પવિત્રતાનો કાંઈક ખ્યાલ આવી શકે છે. તેમાંથી 'વચનામૃતો'ની થોડી વાનગી રસાસ્વાદ અર્થે અહીં રજૂ કરીએ છીએ :—

"'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને? 'જાણનાર', 'જાણનાર'. 'જાણનાર' છે ને? તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે!"

"અહો ! અમોઘ—રામબાણ જેવાં—ગુરુવચનો ! જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે, સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અવસર ચૂકવા જેવો નથી."

"ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ. જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ."

"રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત—અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ."

"વાહ તત્ત્વ! અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે. તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે. મુનિના તેમ જ સમ્યગ્દૃષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં આ સહજતત્ત્વ નિરંતર બિરાજમાન છે."

"ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ... મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે?"

"જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે."

"'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું', 'જ્ઞાયક છું'—ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશાં ધોધ વરસે છે."

—આવાં, આત્માર્થી જનોને ઉપકારી અને આહ્લાદકારી, વવિધ્યપૂર્ણ પવિત્ર 'વચનામૃતો' પીરસીને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીએ ભવભ્રમણથી થાકેલા આત્માર્થીઓને ન્યાલ કર્યા છે. ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીના પ્રશાન્ત જીવનનો અને તેમની સ્વાનુભવમુદ્રિત વાણીનો આત્માર્થીઓ પર વચનાતીત ઉપકાર છે.

આ જન્મજયંતીના મંગળ પ્રસંગે, સોનગઢ-તીર્થધામની દેદીપ્યમાન શોભારૂપ અને આત્માર્થીઓના પરમાધારભૂત, ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં પુનિત ચરણોમાં કોટિ કોટિ વંદન.

અમદાવાદ
તા. ૨૮-૮-૮૫

—સંતોની ચરણરજનો પ્રચ્છુક
અમદાવાદ દિ. જૈન મુમુક્ષુવૃંદ

—૦—

## * જ્ઞાન બધોય વિવેક કરે છે *

'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી. સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યના ભાવો છે, આ પર છે.' દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી. દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું, આટલી કચાશ તો છે.' જ્ઞાન બધોય વિવેક કરે છે. ૩૨૨.

'જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી.

જેને ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પ્રતીતિ, જ્ઞાન ને અનુભવમાં આવ્યો તેને અહીં જ્ઞાની અથવા ધર્મી કહે છે. જ્ઞાનીની દૃષ્ટિ એટલે કે ધર્મીની દૃષ્ટિ નિજ અખંડ ચૈતન્યતત્ત્વમાં ભેદ પાડતી નથી. પર્યાયમાં નવ તત્ત્વના ભેદરૂપ વ્યવહાર છે, પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ જોતાં ભગવાન આત્મા તે ભેદરૂપ વ્યવહારથી ભિન્ન છે. દૃષ્ટિ નવ તત્ત્વની પર્યાયનો ભેદ પણ પાડતી નથી. દૃષ્ટિ તો નિર્વિકલ્પ છે ને! તેથી તે જ્ઞાયક આત્મવસ્તુને નિર્વિકલ્પપણે જ માને છે; એને નવ તત્ત્વ વગેરે કોઈ પણ ભેદ તેને દેખાતો નથી. દૃષ્ટિનું કામ શ્રદ્ધા કરવાનું છે. દૃષ્ટિ પોતે શ્રદ્ધાગુણની નિર્વિકલ્પ પર્યાય છે. તેનો વિષય જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરેલો અભેદ અખંડ એકરૂપ ચૈતન્યરત્નાકર છે. સમ્યગ્દર્શનનો વિષય અભેદ એકરૂપ ચૈતન્યમાત્ર આત્મવસ્તુ છે, કેમ કે પોતે જ્ઞાનસ્વરૂપ નથી તેથી તે ભેદને જાણે નહિ. 'આ દ્રવ્ય છે, આ ગુણ છે ને આ પર્યાય છે' એવા ભેદને દૃષ્ટિ સ્વીકારતી નથી. એ તો ત્રિકાળી ધ્રુવ અભેદ એકરૂપ અખંડ ચૈતન્યકંદને સ્વીકારે છે, દૃષ્ટિ જો ભેદને સ્વીકારે તો તે પોતે જ્ઞાન થઈ જાય.

"સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યના ભાવો છે, આ પર છે."

વિવેક એટલે જીવ વગેરે જે બધી ચીજો નિજ નિજ સ્વરૂપે ભિન્ન ભિન્ન છે તેમને તે પ્રમાણે જાણવી તે. જ્ઞાન, આનંદ ને શાન્તિ વગેરે આત્માના ભાવો છે.

પર્યાયમાં ગમે તેટલી હીનતા આવી, તોપણ વસ્તુ અને તેના ગુણોમાં હીનતા કદી થઈ નથી. સાધકદશા છે ત્યાં સુધી પર્યાયમાં હીણી દશા છે. સાધકને દૃષ્ટિમાં પર્યાયમાત્રનો સ્વીકાર નથી, તોપણ જ્ઞાન જાણે છે કે મારી પર્યાયમાં મારા અપરાધથી હજી હીણી દશા છે. જ્ઞાન બધું જાણે. દ્રવ્યને જાણે, ગુણને જાણે ને પર્યાયને પણ જાણે. દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યનો ધ્રુવ સ્વભાવ છે, આ સ્વભાવના આલંબને પ્રગટેલી શુદ્ધ પરિણતિ છે, આ પુરુષાર્થની નબળાઈથી થયેલા રાગાદિ વિભાવ છે અને આ શરીર, વાણી વગેરે બધું પર છે. સ્વભાવે આત્મા પરિપૂર્ણ છે અને પર્યાયે અપૂર્ણ અને અશુદ્ધ છે'—એમ જ્ઞાન બરાબર વિવેકપૂર્ણ જાણે છે.

'દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી.'

દૃષ્ટિનો વિષય પૂર્ણાનંદભરપૂર ચૈતન્યસાગર અભેદ અખંડ એકરૂપ ધ્રુવ જ્ઞાયક વસ્તુ છે. ભેદને જાણવું તે દૃષ્ટિનું કાર્ય નથી. દૃષ્ટિ પોતે શ્રદ્ધાગુણની પર્યાય છે, પણ તેનો વિષય જીવત્વ, ચિતિ આદિ અનંત શક્તિઓથી પરિપૂર્ણ અભેદ આત્મા છે. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં ૪૭ શક્તિઓના વર્ણન માં ભગવાન આત્મામાં એક જીવત્વશક્તિ કહી છે ને? સુખ, સત્તા, ચૈતન્ય ને અવબોધરૂપ જે સ્વભાવપ્રાણો વડે જીવનું જીવતર સદા ટકી રહે છે તે જીવત્વશક્તિ પણ એમાં અભેદ ને પરિપૂર્ણ છે. ચિતિશક્તિ—જીવનો જે જ્ઞાન-દર્શનરૂપ પ્રકાશ તે—પણ પૂર્ણ છે. સુખશક્તિ પણ પૂર્ણ છે. જ્ઞાન તે બધા શક્તિઓને જેમ છે તેમ જાણે છે પણ દૃષ્ટિ એ કોઈ ગુણભેદને સ્વીકારતી નથી, તેનો વિષય તો ગુણભરપૂર અભેદ જ્ઞાયક છે.

દૃષ્ટિના વિષયભૂત અભેદ ચૈતન્ય મહાપ્રભુમાં જે અનંતા ગુણો છે તેમાં વીર્ય, પ્રભુત્વ, સ્વચ્છત્વ વગેરે પણ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, ને અધિકરણ વગેરે કારણશક્તિઓ પણ છે, પર્યાયમાં વધઘટ ભલે હોય પણ અંતરમાં ગુણશક્તિ તો પરિપૂર્ણ છે. પર્યાયમાં ભલે ઉત્પાદ-વ્યય અપૂર્ણ હો, પણ અંદર ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ નામની શક્તિ તો સદાય પરિપૂર્ણ છે. આત્મદ્રવ્યના સત્ત્વભૂત ધ્રૌવ્યથી આલિંગિત સદૃશ અને વ્યય-ઉત્પાદથી આલિંગિત વિસદૃશ જેનું સ્વરૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ શૂન્ય એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ, આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મ જેમાં નિમિત્ત છે એવા ભાવોનો કર્તા થતો નથી એવી અકર્તૃત્વશક્તિ, જ્ઞાતૃત્વ-માત્રથી જુદા એવા વિભાવપરિણામોના ભોગવટાના વિરામસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ, સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ એવા સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ, ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા નિજ ચૈતન્યના વિલાસસ્વરૂપ અસંકુચિત વિકાસત્વશક્તિ, પોતાના જ્ઞાનમાં

બીજાને પ્રમેય કરવું અને બીજાના જ્ઞાનમાં પોતે પ્રમેય થવું એવા પ્રમાણ–પ્રમેય-સ્વભાવરૂપ પરિણમ્ય પરિણામશક્તિ, જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે—સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ ઈત્યાદિ અનંત શક્તિઓથી પરિપૂર્ણ અભેદ દ્રવ્ય ઉપર જ્ઞાનીની દૃષ્ટિ હોય છે. દૃષ્ટિ ગુણભેદને પણ ગણકારતી નથી, તે તો અનંત રસકસથી ભરેલા શાશ્વત સ્તંભ ઉપર—અભેદ દ્રવ્યસ્વભાવ ઉપર—જામેલી તે જામેલી જ રહે છે.

અહા, આવી વાત! બાપુ! શું થાય? ભગવાનના વિરહ પડ્યા, પણ આ વાત રહી ગઈ એમ ને એમ. ભલે ભગવાન ન હો પણ આત્મા તો એવો ને એવો રહ્યો છે. સમયસારની ૭૨મી ગાથાની ટીકામાં આત્માને 'ભગવાન આત્મા' કહ્યો છે ને! વર્તમાન પર્યાયમાં ભલે અલ્પતા રહી, પણ શક્તિ—અપેક્ષાએ ત્રણે કાળ એવો ને એવો પરિપૂર્ણ ભગવાન છે. દૃષ્ટિમાં તો જ્ઞાનીને પોતાના આનંદકંદ ભગવાનનો વિરહ છે જ નહિ. અધ્યાત્મતત્ત્વની આવી વાતો આકરી પડે એટલે લોકો ચડી ગયા ક્રિયાકાંડે, 'એકાંત છે, એકાંત છે' એમ કહીને આ વાતને ઉડાવી દીધી, પણ ભાઈ! આ તો તારા હિતની વાત છે.

દૃષ્ટિ ભલે ઔપશમિક ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવે હોય, પણ તેના વિષયભૂત વસ્તુ તો સદા પૂર્ણ જ છે. ઔદયિકભાવનો ત્યાગ કરીને ક્ષાયિક પર્યાય પ્રગટી; ત્યાં ઔદયિકભાવનો ત્યાગ ન હતો ત્યારે પણ વસ્તુ તો સ્વભાવે પરિપૂર્ણ જ હતી, અને ક્ષાયિક પર્યાય થઈ તે કાળે પણ વસ્તુ તો પૂરણ જ છે. અહા! વસ્તુસ્વરૂપ તો આવું છે, મારગ તો આ છે ભાઈ! દૃષ્ટિનો વિષય તો અનંત ગુણની પૂર્ણતાથી ભરેલું અભેદ દ્રવ્ય છે. સ્વરૂપ તો આવું છે; માનો કે ન માનો—જગત સ્વતંત્ર છે.

આત્મા જ્ઞાનપણે છે માટે તદ્રૂપ અને જ્ઞેયપણે નથી માટે અતદ્રૂપ—આમ વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી અસ્તિ–નાસ્તિ, એક–અનેક, નિત્ય–અનિત્ય આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું હોવાપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધ ધર્મ શક્તિ; એ પ્રમાણે તત્ત્વશક્તિ, અતત્ત્વશક્તિ, ભાવશક્તિ, અભાવશક્તિ ભાવ–અભાવશક્તિ, અભાવ–ભાવશક્તિ ભાવભાવશક્તિ ને અભાવ–અભાવશક્તિ તથા પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી—એવા સંબંધમયી સંબંધશક્તિ ઈત્યાદિ અનંત શક્તિઓ ચૈતન્યપ્રભુનો વૈભવ છે. દૃષ્ટિ ગુણભેદને દેખતી નથી પણ સાથે વર્તતું જ્ઞાન બધો વિવેક કરે છે. 'આ પર છે, આ પરિપૂર્ણ અભેદ એકરૂપ સ્વદ્રવ્ય છે, આ જ્ઞાનાદિ ગુણો છે ને આ શુદ્ધ કે અશુદ્ધ પર્યાય છે' એમ જ્ઞાન જેમ છે તેમ બરાબર જાણે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા અભેદ એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

આગળ બેનના એ બોલમાં આવશે કે—સાધક જીવની દૃષ્ટિ નિરંતર અભેદ ધ્રુવ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને;—તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો તેમના સાધક-બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે. સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે. પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.—એવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે.

દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી. વિભાવના ભેદ, અધૂરી-પૂરી પર્યાયના ભેદ કે ગુણના ભેદ—એકેય ભેદને દૃષ્ટિ કબૂલતી નથી. અભેદ ધ્રુવ દ્રવ્યસામાન્ય ઉપર જડાયેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન, સંયમ કે કેવળજ્ઞાન પ્રગટ થયું કે નહિ' એમ જોવા બેસતી નથી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધા ભેદોને કાઢી નાખી, અખંડ ચૈતન્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહભાવે જ દૃષ્ટિ અભેદ પૂર્ણ સ્વરૂપને અવલંબતી થકી પ્રગટ થાય છે. અહા! આવી વાતો છે. દ્રવ્યદૃષ્ટિ ગુણ કે પર્યાયના કોઈ પણ ભેદને સ્વીકારતી નથી.

**"દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું', આટલી કચાશ તો છે."**

દૃષ્ટિનું આલંબન નિજ અભેદ ધ્રુવ દ્રવ્યસામાન્ય છે, સાધક કે બાધક પર્યાયને તે અવલંબતી નથી. તે એવા પરિણામ ન કરે કે 'આટલી શુદ્ધિ પ્રગટ થઈને હજુ આટલી અશુદ્ધિ ટળવી બાકી છે.' સાથે રહેલી જ્ઞાનપરિણતિ બરાબર વિવેક કરે છે કે 'આટલી નિર્મળતા સ્વભાવના આશ્રયે પ્રગટી અને હજુ આટલી કચાશ તો છે.' બહારની બીજી આવડત હો કે ન હો, એની સાથે શો સંબંધ છે? જે અંતરમાં હિત-અહિતનો વિવેક કરે તેને જ્ઞાન કહીએ.

અહાહા! આ (બેનશ્રીનાં વચનામૃત) કોઈ એવી ચીજ આવી ગઈ છે! ભલે આજ સુધીમાં બીજાં વીસ લાખ પુસ્તકો છપાણાં, પણ આ ચીજ તો મૂળ વસ્તુને સાદી ભાષામાં સરળતાથી જણાવનારી છે. અરે! મધ્યસ્થ થઈને, આગ્રહ છોડીને એક વાર આ વાંચે, વિચારે તો એને ખબર પડે કે સત્ય તો આવું છે; પણ શું થાય? ...અત્યારે તો સમ્યગ્દર્શન વિના—ભગવાન આત્માના ભાન વિના—વ્રત, તપ, વગેરે

કરવા માંડયાં, કોઈ પડિમાધારી થયા, કોઈ નગ્ન દિગંબર સાધુ થયા; પણ ભાઈ! એ બધો તો, અંતરમાં કષાય મંદ કર્યો હોય તો, શુભ રાગ છે; તેને ધર્મ માનવો એ મિથ્યાત્વભાવ છે. શુભ રાગ આસ્રવ છે અને આસ્રવને ધર્મ—સંવર, નિર્જરા—માનવો તે મિથ્યાત્વ છે. સમયસારની ટીકામાં (ગાથા-૩૮) આવે છે ને?—'નર, નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું.' નવ તત્ત્વના ભેદભાવો તો પર્યાય છે. પર્યાયમાત્ર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસામાન્યમાં આવતી નથી, સંવર, નિર્જરા ને મોક્ષસ્વરૂપ નિર્મળ પર્યાય પણ ત્રિકાળી ધ્રૌવ્યથી સ્વરૂપે અત્યંત ભિન્ન છે. અરે! અભ્યાસ નહિ એટલે આવી વાતો માણસને આકરી પડે; તેથી 'આ કર્યું ને તે કર્યું' એમ ત્યાગમાં ચડી જાય, પણ જ્યાં હજુ સમ્યગ્દર્શનનાં ઠેકાણા નથી ત્યાં ત્યાગ કેવો?

અહા! દિગંબર જૈન સંતોની વાણી તો જુઓ. શ્રીમદ્‌માં આવે છે ને?—'દિગંબરનાં તીવ્ર વચનોને લીધે કંઈ રહસ્ય સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લીધે રસ ઠંડાતો ગયો.' શ્રીમદ્ તો કામ કરી ગયા. છેલ્લે કહ્યું: ભાઈ મનસુખ! બાને દીલગીર થવા દઈશ નહિ, હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું. વાત અક્ષરે અક્ષર સત્ય છે હો! ભલે ચારિત્ર ન હતું, સમ્યગ્દર્શન ને સ્વરૂપાચરણ હતું, તેથી ભવછેદ કરીને ચાલ્યા ગયા. અહા! વસ્તુ તો આવી છે. લોકો બાહ્ય ત્યાગ કરે તેને 'આ ત્યાગી છે' એમ કહે, પણ અંતરમાં મિથ્યાત્વનો ત્યાગ એ શી ચીજ છે એની તો તેમને ખબર જ નથી. અત્યારે તો સાધુ થઈને પણ એમ કહે છે કે—હાલ તો શુભભાવ જ હોય, શુદ્ધભાવ તો શ્રેણીમાં જ હોય. અરેરે! ભાઈ! આ તું શું કરે છે? બહારમાં સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડયા, અને અંદર પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે ત્યાં તને જવું ગોઠતું નથી; તેથી શુભભાવમાં સમકિત—ધર્મ માનીને અટકી ગયો છે. અહીં તો એ વાત ચાલે છે! દષ્ટિ એવા પરિણામ ન કરે કે—આટલી શુદ્ધિ થઈને આટલી કચાશ છે.

'જ્ઞાન બધોય વિવેક કરે છે.'

જ્ઞાનની એક સમયની પ્રગટ પર્યાયમાં પણ એટલી તાકાત છે કે તે બધોય વિવેક કરે. જ્ઞાનમાં શુદ્ધાત્મ દ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે, અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની ઉપેક્ષા પણ હોય છે, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે અને અશુદ્ધ પર્યાયાંશ—જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે—દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે; દષ્ટિ સાથે વર્તતા જ્ઞાનમાં આવો વિવેક સહજપણે હોય છે.

—૦—

# * અનંત અનંત ગુણની ખાણ : નિજ-પરમાત્મા *

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૩ )

આ શ્રી યોગસાર શાસ્ત્ર છે. યોગીન્દ્રદેવ નામના દિગંબર મુનિ થઈ ગયા તેમણે આ યોગસાર શાસ્ત્ર પોતાના સંબોધન માટે બનાવેલ છે એમ છેલ્લે વાત આવશે. શરૂઆતની ગાથામાં કહેલ છે કે જે ભવભ્રમણથી ડરે છે એવા જીવોને માટે હું આ શાસ્ત્ર બનાવું છું.

અહીં આપણે ૮૫ મી ગાથા ચાલે છે.

જ્યાં ચેતન ત્યાં અનંતગુણ, કેવળી બોલે એમ,
પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સપ્રેમ. ૮૫.

આત્મા અનંતગુણ સંપન્ન એક વસ્તુ છે. તેની અંતરદૃષ્ટિ કરીને તેનો અનુભવ કરતાં એક આત્માના ગ્રહણમાં અનંત ગુણોનું ગ્રહણ થઈ જાય છે.

ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણરૂપ-એકરૂપ વસ્તુ છે એ અનંતગુણ એટલે કેટલા? કે આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ દરેક આત્મામાં છે.

આકાશના પ્રદેશો અનંત છે. એ અનંત એટલે કેટલાં કે દર છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવો મોક્ષમાં જાય છે તો અત્યાર સુધીમાં જેટલાં મુક્ત જીવો થયા છે તેનાં કરતાં નિગોદના એક શરીરમાં અનંતગુણા જીવો છે. આવા બધાં જીવો મળીને સિદ્ધ કરતાં અનંતગુણા જીવો છે અને જીવથી અનંતગુણા પુદ્‌ગલો છે. આ પુદ્‌ગલોથી અનંતગુણા ત્રણકાળના સમય છે અને આ સમયથી અનંતગુણા આકાશના પ્રદેશો છે અને આ પ્રદેશોથી અનંતગુણા ગુણ એક એક જીવમાં રહેલા છે.

ભગવાન કહે છે કે દરેક જીવમાં અનંત... અનંત ગુણ છે, દોષ દેખાય છે તે તો કોઈ ગુણની પર્યાયમાં અલ્પદોષ છે. અનંત ગુણોમાં દોષ નથી. કોઈ ગુણની કોઈ પર્યાયમાં અલ્પદોષ છે, જ્યારે ગુણ તો અનંત....અનંત છે. એ દરેક ગુણો આત્માના અસંખ્ય-પ્રદેશે વ્યાપેલા છે.

આકાશનો ક્યાંય અંત છે? ચાલ્યા જાવ...ચાલ્યા જાવ અને જુઓ આકાશનો ક્યાંય છેડો છે? નાસ્તિકને પણ સ્વીકારવી પડે એવી આ વાત છે કે આકાશનો અંત

નથી. એ આકાશના અનંત પ્રદેશોથી અનંતગુણા ગુણ એક જીવમાં છે. 'આવા અનંતગુણોનું એક રૂપ તે આત્મા છે.'

આવી પોતાની ચીજનો વિશ્વાસ અંતરથી આવવો જોઈએ. ખાલી ધારણામાં, વિચારમાં કે ક્ષયોપશમમાં સ્વીકારે એટલાથી ન ચાલે. અનંત... અનંત ગુણનું એકરૂપ એવો આત્મા છે તેને દૃષ્ટિમાં લેવાથી, જ્ઞાનનું જ્ઞેય બનાવવાથી, ચારિત્રમાં તેનો આશ્રય લેવાથી અનંત ગુણોની પર્યાય એક સમયમાં પ્રગટ થાય છે.

અનંત ગુણસમુદાય કહો કે ભાવસમુદાય કહો, એવા પોતાના આત્માનું અંતરમાં પોસાણ થવું જોઈએ. એક-સ્વરૂપ ભગવાન આત્મામાં અનંત ગુણસ્વરૂપે ગુણો રહેલાં છે તે એકસ્વરૂપને અંતરમુખ દૃષ્ટિ-જ્ઞાનમાં પકડતાં અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ જાય છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા આદિ અનંતગુણની પર્યાય એકસાથે પ્રગટ થઈ જાય છે. તેથી જ કહ્યું છે કે 'સર્વગુણાંશ તે સમકિત'. આત્માનો અનુભવ કરતાં અનંતગુણની પર્યાયની પ્રગટતારૂપ અનંતો લાભ થાય છે.

કેવળીભગવાન કહે છે કે પ્રભુ! તારામાં અનંત ગુણો છે તેને તું પરનો અને રાગનો પ્રેમ હટાવી નિર્મળ પ્રેમથી પ્રતીતમાં લે, અનુભવમાં લે તો તને પ્રતીતમાં એક અનંતગુણસ્વરૂપ આત્માની શ્રદ્ધા થશે અને અનંતગુણની અંશે નિર્મળ પર્યાયોનો અનુભવ થશે. પણ અનાદિથી જીવને પરદ્રવ્ય અને રાગાદિની મહિમા આડે અનંતગુણના એકપિંડરૂપ ભગવાન આત્માનો અનાદર થઈ જાય છે-અશાતના થાય છે તેની ખબર નથી.

એક એક ગુણને ગ્રહણ કરતાં આખો આત્મા ગ્રહણ થતો નથી પણ અખંડ-અભેદ આત્માને ગ્રહણ કરતાં તેમાં અનંતા ગુણો ગ્રહણ થઈ જાય છે.

આ કોઈ ભાષામાં આવી શકે એવું વસ્તુનું સ્વરૂપ નથી, આ તો અનંતાનંત... અનંતાનંત ગુણોનું એક-સ્વરૂપ સાક્ષાત્ પરમાત્મા હું જ છું એમ મહિમા લાવીને અંતરમાં ઘૂસી જાય તેને વસ્તુનો અનુભવ થાય છે.

સોનું જેમ ગેરુથી શોભે છે તેમ ભગવાન આત્મા પોતાની ઉગ્ર દૃષ્ટિથી જ્યાં આત્માને પકડે છે ત્યાં અતીન્દ્રિય આનંદના પ્રતપનથી શોભે છે અને બહારમાં ઇચ્છાનો નિરોધ થાય છે, તેનું નામ તપ છે. અને તે સમયે રાગદ્વેષનો અભાવ થવાથી નિશ્ચય અહિંસાવ્રત પણ થઈ જાય છે. દયાના પરિણામ એ ખરેખર અહિંસાવ્રત નથી પણ પરમાર્થ સ્વભાવના લક્ષે રાગરહિત વીતરાગ પરિણામ થાય છે તે જ સાચું અહિંસાવ્રત છે.

ભગવાન આત્મા જ્યારે પરના લક્ષે વિકલ્પમાં જાય છે ત્યારે નિર્વિકલ્પ સ્વભાવની હિંસા થાય છે તેથી પરની દયાના ભાવમાં પણ ખરેખર પોતાના સ્વભાવની હિંસા થાય છે પણ લોકોની માન્યતા જ એવી છે કે 'દયા ધરમકો મૂલ હૈ, પાપ મૂળ અભિમાન. તુલસી દયા ન છોડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.'

અહીં તો કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આ આત્મા તેની અંતરમાં દૃષ્ટિ કરતાં એકાકાર થઈને જે અનુભવ થાય છે તે જ સત્ય દયા છે. તે પોતાની દયા છે. પરની દયા તો જીવ પાળી શકતો જ નથી કેમ કે પરદ્રવ્યની અવસ્થા આત્મા ત્રણકાળમાં કદી કરી શકતો નથી. શું પરદ્રવ્ય વર્તમાન પર્યાય વિનાનું ખાલી છે તો આત્મા તેની પર્યાય કરે? આ તો મહાસિદ્ધાંત છે કે 'કોઈ પણ પદાર્થ કોઈ પણ સમયે પર્યાય વિનાનું હોતું નથી.'

જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ તો છે પણ તેમાં એકાગ્રતા કરવાથી એ અનંતગુણોની અંશે નિર્મળ પર્યાય પણ પ્રગટ થઈ જાય છે.

સત્ સાહેબ ભગવાન આત્માની દૃષ્ટિ કરતાં પરમ સત્ય વ્રત પણ પ્રગટ થાય છે અને વળી, અનંતગુણરૂપ ભગવાન આત્માનો અનુભવ થતાં રાગ પ્રગટ ન થયો તે પરમ અચૌર્યવ્રત છે. પોતાના સ્વભાવની પક્કડ કરી, પરની પક્કડ છોડતાં–રાગનો એક કણ પણ ગ્રહણ ન કરતાં સાચું અચૌર્યવ્રત પ્રગટ થાય છે.

> જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ,
> પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સપ્રેમ,
> ચેતન પ્રભુ! ચૈતન્ય સંપદા રે તારાં ધામમાં.

ચૈતન્યસંપદા નથી વૈકુંઠમાં કે નથી સિદ્ધશિલામાં. ચૈતન્યસંપદા તો પ્રભુ! તારાં પોતાના સ્વભાવ–ધામમાં જ ભરી છે.

ભગવાન આત્મા પરપદાર્થમાં એકાકાર ન થતાં પરમ બ્રહ્મસ્વરૂપ નિજ આત્મામાં વિહાર કરે છે—બ્રહ્માનંદ ભગવાનમાં એકાકાર થાય છે ત્યાં બ્રહ્મવ્રત પ્રગટ થાય છે, નિશ્ચય બ્રહ્મચર્યવ્રત પ્રગટ થાય છે.

અનંતગુણનાં પિંડસ્વરૂપ આત્મામાં લીન થતાં સર્વ વિભાવ અને પરપદાર્થની મૂર્છા દૂર થઈ તે જ અપરિગ્રહવ્રત છે. અસંગભાવમાં રમણ કરવાથી પરિગ્રહ ત્યાગવ્રત પ્રગટ થાય છે.

આત્મા આત્મામાં સત્યભાવથી ઠરે છે તેનું નામ નિશ્ચય સામાયિક છે.

ભાઈ! તારા ક્ષેત્રમાં ગુણની ક્યાં કમી છે કે તારે બીજા ક્ષેત્રમાં ગુણ શોધવા જવા પડે? ભગવાન આત્મા અનંતગુણનું સંગ્રહાલય છે. અરે! કેવળી ભગવાન પણ જો એક એક સમયમાં અસંખ્યગુણનું વર્ણન કરે તોપણ તેમના કરોડ પૂર્વની સ્થિતિમાં આત્માના અનંતગુણોનું વર્ણન ન થઈ શકે.

આત્માની દૃષ્ટિ અને અનુભવ કરતાં ગયા કાળના કર્મોથી નિવૃત્તિ થાય છે અને કર્મ સ્વયં નિર્જરાને પ્રાપ્ત થાય છે. તેનું નામ પ્રતિક્રમણ છે. અને ભવિષ્યમાં થનારા

રાગાદિ ભાવોનો ત્યાગ થાય છે એ ભાવોથી નિવૃત્ત પરિણામ થવાં તે નિશ્ચય પ્રત્યાખ્યાન છે. આમ પંચમહાવ્રત, ત્રણ ગુપ્તિ આદિ ભાવો અનુભવમાં સમાય જાય છે. કેમ કે ભગવાન આત્માના અંતરસ્વરૂપનો આશ્રય કરતાં જે દશા પ્રગટ થાય તેમાં શું ખામી રહે? બધાં જ ગુણોની પર્યાયનું પરિણમન થઈ જાય છે.

ચિદાનંદ નિજાત્મસ્વભાવની દૃષ્ટિ અને અનુભવ કરવો તે જ ભગવાનની સ્તુતિ છે. સમયસારમાં પણ કુંદકુંદઆચાર્યદેવે શિષ્યને કેવળીની સ્તુતિનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે શરીર, વાણી, મન, વિકલ્પ, રાગાદિથી રહિત નિજ પરમાત્મસ્વરૂપમાં લીનતા કરનાર કેવળીની સ્તુતિ કરે છે. એમ અમે નહિ પણ સર્વજ્ઞભગવાન કહે છે. અહીં પણ કહ્યું છે: 'કેવળી બોલે એમ.'

ભગવાન આત્મા–પૂર્ણાનંદસ્વરૂપની આરાધના કરવી, સેવના કરવી, સ્વભાવ સન્મુખની લીનતા કરવી તે સાચો વિનય છે અને તે જ ગુરુની સાચી વંદના છે બહારથી વંદન આદિના ભાવ આવે–હોય, નિશ્ચયમાં જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વચ્ચે વ્યવહાર આવ્યા વગર રહેતો નથી, ભક્તિ, સ્તુતિ, વંદન, પૂજા આદિના ભાવો આવે છે પણ તેની મર્યાદા પુણ્યબંધની છે. વસ્તુના સ્વરૂપમાં તે ભાવો સમાઈ શકતાં નથી.

વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. રાગની મંદતા છે તો અરાગ પરિણામ થાય છે એમ નથી. પણ જ્યાં સુધી સ્વભાવનો પૂર્ણ આશ્રય લીધો નથી ત્યાં સુધી એટલો પરાશ્રિત વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, એમ ભગવાન કહે છે. તે વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર અને નિશ્ચય બંનેની દિશા જુદી, બંનેનું ફળ જુદું અને બંનેનો ભાવ પણ જુદો-જુદો છે.

ભાઈ! તું શુદ્ધાત્મા છો. તને ક્યાંય ઠીક ન પડે–ન ગોઠે તો અંદરમાં ગોઠે તેવું છે. એને કહ્યું હતું એકવાર કે તને ક્યાંય ન ગોઠે તો આત્મામાં ગોઠે તેવું છે. ક્યાંય તને ઠીક ન પડે તો અંદર જા. તારી હાંકલથી કોઈ સાથે ન આવે તો તું એકલો જા! તારે કોઈનું શું કામ છે? અહીં ૮૯મી ગાથામાં પણ એ જ વાત આવશે.

અહા! યોગસાર તો કોઈ અલૌકિક શાસ્ત્ર છે. દિગંબર સંતોની વાત શું કહેવી? એક એક શ્લોકમાં આખો ૧૪ પૂર્વનો સાર ભરી દીધો છે દિગંબર સંતો ક્ષણે-ક્ષણે સાક્ષાત્ પરમાત્માને સ્પર્શે છે. એક દિવસમાં હજારોવાર આત્માનો સ્પર્શ કરે છે એવા સંતે રચેલાં આ શ્લોકો છે,

ભગવાન આત્મા નિજ–સ્વરૂપમાં સાવધાન....સાવધાન....સાવધાન થાય છે ત્યાં મન–વચન–કાયા તરફનું લક્ષ છૂટી જાય છે તેનું નામ ત્રણગુપ્તિ છે, અને અતીન્દ્રિય

સ્વરૂપમાં એકાકાર થતાં પાંચ ઇન્દ્રિય તરફનું લક્ષ છૂટી જાય છે તેનું નામ સંયમ છે, અને તે જ ઉત્તમ ક્ષમા આદિ દશધર્મ છે.

સર્વ વિશુદ્ધ ગુણોનું નિવાસસ્થાન આત્મા છે. જેણે આત્માનું આરાધન કર્યું તેણે સર્વ આત્મિકગુણોનું આરાધન કરી લીધું. આત્માના ધ્યાનથી આત્માના ગુણો વિકસીત થાય છે એટલે કે પર્યાયમાં પ્રગટ થાય છે, સાથે અવધિ, મનઃપર્યાયજ્ઞાનની ઋદ્ધિ પણ પ્રગટ થાય છે અને કેવળજ્ઞાનનો લાભ થાય છે. આમ નિર્વાણનો પરમ ઉપાય એક આત્માનું ધ્યાન છે.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે કે જે વીતરાગી આત્મા, આત્મામાં આત્મા દ્વારા આત્માને જાણે-દેખે છે તે સ્વયં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થાય છે. સ્વયં સમ્યગ્દર્શનાદિ નિશ્ચય મોક્ષમાર્ગ છે એમ જિનેન્દ્રદેવ કહે છે.

દિગંબર સંતો જગ્યાએ-જગ્યાએ જિનેન્દ્ર ભગવાનને મોઢાગળ (મુખ્ય) રાખે છે. ભાઈ! પરમાત્મા આમ કહે છે હો! તું ના ન પાડીશ, ભાઈ! ના ન પાડીશ. અહા! સંતોની કરુણાનો પાર નથી.

હવે ૮૯ મી ગાથા કહે છે કે એક આત્માનું મનન કર!

> એકાકી. ઇન્દ્રિય રહિત, કરી યોગત્રય શુદ્ધ;
> નિજ આત્માને જાણીને, શીઘ્ર લહો શિવસુખ. ૮૯.

પાંચ ઇન્દ્રિયથી વિરક્ત થઈને તું આત્માનું આત્મા દ્વારા મનન કર! તો અલ્પકાળમાં તું મોક્ષ પામીશ.

નિરંતર એક સ્વભાવનું જ ઘોલન કર! વિકલ્પનો સ્પર્શ ન કર! આત્મા દ્વારા આત્માનું મનન કર! મનન એટલે વિકલ્પ નહિ પણ અંતર સ્વરૂપમાં એકાકાર થવાની વાત છે. આવું મનન જે કરશે તે મોક્ષની સિદ્ધિ શીઘ્ર કરી શકશે.

ગૃહસ્થાશ્રમમાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણેયના પુરુષાર્થમાં વિકલ્પની જાળમાં અટકવું પડે છે. અર્થ અને કામનો અશુભ પુરુષાર્થ છે અને ધર્મનો શુભ પુરુષાર્થ છે પણ છે ત્રણેય વિકલ્પની જાળ!

પ્રશ્નઃ—આપ ધર્મને શુભભાવ કેમ કહો છો?

ભાઈ! એ ધર્મને સમયસારમાં પુણ્ય કહ્યું છે. વ્યવહાર ધર્મ કહો કે પુણ્ય કહો બંને એક જ છે, તે નિશ્ચય ધર્મ નથી.

સ્વતંત્ર વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરવામાં જો રાગની રુચિ રહી જાય, રાગમાં લાભ મનાય જાય તો દૃષ્ટિ ત્યાંથી નહિ ખસે. પ્રભુ! તને તારી શાંતિ નથી ગોઠતી અને

રાગ ગોઠે છે! તો તું ક્યાં જઈશ? જ્યાં સુધી રાગનું પોષાણ છે ત્યાં સુધી વીર્ય અંતરમાં કામ નહિ કરી શકે. વીર્ય ગુણનું ખરું કાર્ય તો પોતાના સ્વભાવની રચના કરવાનું છે. પણ જ્યાં સુધી વીર્ય રાગ, પુણ્ય, સંયોગ આદિમાં ઉલ્લાસથી કાર્ય કરશે ત્યાં સુધી સ્વભાવનું કાર્ય નહિ કરી શકે. માટે ગૃહસ્થે પહેલાં જ રાગાદિની રુચિ છોડી દેવી જોઈએ.

કર્મના લક્ષે ઉત્પન્ન થતી ધારા કર્મધારા છે તે જ્ઞાનધારામાં વિઘ્ન કરનારી છે. ત્રણકાળ ત્રણલોકમાં વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું કહેવાય છે 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' તેમાં ઢીલું મૂકીને કાંઈ ફેરફાર ન કરાય. પ્રભુ! તારું સ્વરૂપ ક્યાં ઢીલું છે? જ્ઞાનથી જો તો એકલો જ્ઞાનનો પુંજ છે. વીર્યથી જો તો એકલો વીર્યનો પિંડ છે. આનંદથી જો તો એકલો આનંદનો પિંડ છે. ગુણપુંજ આત્મા છે. અનંત ગુણનો ઢગલો છે.

દિગંબર સંતોની કથનપદ્ધતિ પણ કોઈ અલૌકિક છે. એક એક શબ્દમાં આખો સિદ્ધાંત ભરી દીધો છે. આ તો ભાઈ! સર્વજ્ઞભગવાને જેવું સ્વરૂપ જોયું છે–કહ્યું છે તેવું જ વસ્તુનું સ્વરૂપ છે અને તેવું જ અનુભવમાં આવે છે. [ક્રમશઃ]

—※—

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે, મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. જેમ સમયસાર ગાથા ૪ માં કહ્યું છે કે મિથ્યાત્વનું એક છત્ર રાજ્ય ચાલે છે તેમ જ્ઞાયકનું એકછત્ર આવવું જોઈએ. ઉપયોગ જ્ઞાનમાં એકમાં ન ટકે તો દ્રવ્ય–ગુણ–પર્યાય આદિ વિચારમાં ફેરવે. ઉપયોગને બારીક કરે, ઉપયોગને સૂક્ષ્મ કરતો કરતો જ્ઞાયકના જોરથી આગળ વધે તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. —પૂજ્ય ગુરુદેવશ્રી.

# સુવર્ણપુરી ( સોનગઢ ) સમાચાર–

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણ વર્ગ *

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિમાં–અધ્યાત્મતીર્થધામ સોનગઢમાં–પ્રત્યેક વર્ષ અનુસાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૨ મા મંગલમય જન્મજંયતીનાં સુઅવસર ઉપર તા. ૧૮–૮–૮૫થી તા. ૧–૯–૮૫—પંદર દિવસ માટે રાખવાસાં આવેલ પ્રૌઢ ધાર્મિક શિક્ષણ વર્ગ તાત્ત્વિક અભ્યાસ અને સંચાલનની દૃષ્ટિએ ખૂબ જ સફળ રહ્યો. શિક્ષણવર્ગમાં ઉત્તમ તથા મધ્યમ–એમ બે પ્રકારની શ્રેણીઓ રાખી હતી. સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના ' બહેનશ્રીનાં વચનામૃત ' ઉપરના પ્રવચન પછી, ઉત્તમ વર્ગમાં મોક્ષમાર્ગ–પ્રકાશકનાં સાતમા અધિકારમાંથી ' નિશ્ચય–વ્યવહારનયાભાષાવલમ્બીનું સ્વરૂપ ' ઉપર શિક્ષણ આપવામાં આવેલ અને બપોરે સમયસારની ૧૩ મી ગાથા–ટીકા ઉપર શાસ્ત્રપ્રવચન તથા જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ પછી, ' જૈન સિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાળા ' નાં 'ઉપાદાન–નિમિત્ત અધિકાર અને નિમિત્ત-નૈમિત્તિક અધિકાર' ( છઠ્ઠા પ્રકરણ ) ઉપર શિક્ષણ દેવામાં આવ્યું હતું. મધ્યમ વર્ગમાં સવારે છઢાળા અને બપોરે ' જૈન સિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાળા ' નાં દ્રવ્ય, ગુણ, પર્યાય અને અભાવ – આ ચાર અધિકાર ઉપર શિક્ષણ ચાલેલ. ઉત્તમ વર્ગ બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાલિયાએ તથા મધ્યમ વર્ગ વઢવાણ શહેર નિવાસી બ્ર. શ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહે ચલાવ્યો હતો. વિદ્યાર્થીઓને પૂજ્ય ગુરુદેવનાં અધ્યાત્મથી ઝરતા અનુપમ ટેપ–પ્રવચનો ઉપરાંત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં પવિત્ર દર્શન તથા હંમેશા ( બપોરે અડધો કલાક ) વરસવાવાળી એમની સ્વાનુભવરસસભર અમૃતવાણીનો અનુપમ લાભ મળતો હતો. જેથી તેઓ પોતાને મહાન સૌભાગ્યશાળી માનતા હતા. આ શિક્ષણવર્ગમાં હિન્દીભાષી શિક્ષણાર્થિઓની ધારણા કરતા વધારે સંખ્યા રહી—ઉત્તમ શ્રેણીમાં ૧૫૩ અને મધ્યમ શ્રેણીમાં ૯૭. સૌરાષ્ટ્ર, મુંબઈ તથા અન્ય હિન્દીભાષી પ્રદેશોથી—શિવપુરી, કરેરા, દહેરાદૂન, સાગર, દમોહ, નાગપુર, ખૈરાગઢ, ઇન્દૌર, વિદિશા, ખડેરી, મલકાપુર, ખુરઈ, ગાડરવારા, ખંડવા, કલકત્તા, સાવલી, લશ્કર ( ગ્વાલીયર ), ભોપાલ, આરોંન, અંકલેશ્વર, ઉદયપુર, મહીદપુર, અભાના, તરવર, અલવર, ઝુમરીતલૈયા, હિંમતનગર, ઓઢાખેડા, ઉમેગાંવ, છિન્દવાડા, સોનગિર, પૂના, ધામણ, ઝરિયા, કોટા, આગરા, રાજગઢ, સરપોર–પારડી, મંદસૌર, મદ્રાસ, ગુના, રતલામ, બેંગલોર વગેરે અનેક ગામોથી બધા મળીને ૨૫૦ શિક્ષણાર્થીઓએ આ પ્રૌઢ શિક્ષણવર્ગનો લાભ લીધો. શિક્ષણાર્થીઓ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધાવાળા, તત્ત્વરુચિવંત અને બુદ્ધિશાળી હતા.

# * બહેનશ્રી ચંપાબેનની ૭૨ મી જન્મ જયંતી *

અમદાવાદનાં દિગમ્બર જૈન મુમુક્ષુવૃન્દે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૨ મી જન્મ જયંતીનો આ ભવ્ય મહોત્સવ અતિ આનંદોલ્લાસ સાથે મનાવ્યો. જન્મજયંતી મહોત્સવનો હર્ષોલ્લાસમય વાતાવરણનો તા. ૪-૮-૮૫ થી—જે દિવસે જન્મજયંતી મહોત્સવની શુભ્રા મનોહારિણી નિમંત્રણપત્રિકા લખવાનું મંગળ મુહૂર્ત કરવામાં આવ્યું હતું ત્યારથી આરંભ થઈ ચૂકયો હતો. 'નિમંત્રણ પત્રિકા' લખવાનાં શુભાવસર ઉપર અમદાવાદથી બે બસમાં લગભગ ૧૨૫ મુમુક્ષુ ભાઈ-બહેનો સોનગઢ આવ્યા હતા. એ દિવસે વાતાવરણ મહોત્સવ જેવું બની ગયું હતું.

જન્મજયંતી-મહોત્સવનો શુભારંભ દ્વિ૦ શ્રાવણ શુક્લા ૧૩, તા. ૨૮-૮-૮૫નાં દિવસે પરમાગમમંદિરમાં 'શ્રી પંચકલ્યાણક-મંડલવિધાનપૂજા'નાં અતિ ભવ્ય સમારંભથી થયો. હંમેશા સવારે ૮-૩૦ થી ૯-૩૦ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ તારણહાર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં આત્મરસથી નિર્ભર અનુપમ ટેપ-પ્રવચન ભક્તસમુદાયને ખૂબ જ આનંદિત કરતા હતા પૂજા અને પ્રવચનનાં સમયે આખું પરમાગમમંદિર મુમુક્ષુઓથી ઉભરાઈ જતું હતું. પૂજ્ય ગુરુદેવે શિખવેલ અંતરમાં જ્ઞાયકદેવ અને બહારમાં જિનેન્દ્રદેવની મહિમાને તાદશ્ય-સ્વરૂપ નિશ્ચય-વ્યવહારનાં સુભગ સમન્વયનાં મધુર દશ્ય બધાને રોમાંચિત કરતા હતા.

બપોરે ૧-૦૦ વાગે થતી પ્રશમરસપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સ્વાનુભવ-રસથી તરબોળ આધ્યાત્મિક તત્વચર્ચા આ મંગલ મહોત્સવમાં સૌથી વધારે આનંદિત કરવાવાળો કાર્યક્રમ હતો, જેની એક વિડિયો-ટેપ ઉતારેલ અને તે બપોરની શાસ્ત્રસભા પછી અથવા રાત્રે સમગ્ર મુમુક્ષુ સમાજે નિહાળેલ. બપોરનું શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગનાં દિવસોમાં પરમાગમ સમયસારની ૧૩મી ગાથા ઉપર અને જન્મ-જયંતી મહોત્સવનાં દિવસોમાં સર્વશ્રી પં. હિમ્મતભાઈ ડગલી, પં. ડૉ. પ્રિયંકરજી, ડૉ. પ્રવીણભાઈ દોશી, શ્રી શશીકાંતભાઈ શેઠ અને શ્રી પ્રાણભાઈ કામદાર વગેરેએ સમયસાર 'બહેનશ્રીનાં વચનામૃત' વગેરે પર આપેલ. પ્રવચનકર્તાઓની પ્રવચન શૈલી ગંભીર ભાવવાહી તાત્ત્વિક ઊંડાણથી ભરપૂર, રસપ્રદ તથા સત્ અને અનન્ય-ઉપકારી સત્ પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ ભક્તિરસભીની હતી. પૂજ્ય ગુરુદેવ, શ્રીમદ્-રાજચંદ્રજી, 'બહેનશ્રીનાં વચનામૃત' વગેરેનાં વચનાંશો ઉદ્ધૃત કરતા થકા પ્રવચનકાર મહોદય પ્રત્યક્ષ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પોતાની ઉપકૃત ભાવભીની ઉર્મિઓ શાસ્ત્રપ્રવચનમાં વ્યક્ત કરતા હતા.

બપોરનાં શાસ્ત્ર-પ્રવચન બાદ આદરણીય વિદ્વદ્રત્ન પંડિત શ્રી હિમ્મતભાઈ જે.

શાહ તેમની શાંત, મધુર, વૈરાગ્ય અને ભક્તિરસભરી શૈલીમાં 'જિનેન્દ્રભક્તિ' કરાવતા હતા, જેનો લાભ સઘળો મુમુક્ષુ સમાજ મંત્રમુગ્ધ થઈને લેતા હતા.

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન પરમાત્મ-પ્રકાશ ઉપર ચાલતું હતું. ત્યારબાદ પૂજ્ય બહેનશ્રીની વિડિયો દ્વારા તત્ત્વચર્ચા અને 'શ્રી નંદીશ્વર જિનાલય-પંચકલ્યાણકની' તથા 'કહાન એક્સપ્રેસ'ની વિડિયો-ટેપ દેખાડવામાં આવતી હતી.

આ મહોત્સવનાં દિવસોમાં આવતું મુનિસંઘરક્ષાનું પર્વ-રક્ષાબંધનનું મંગળ પર્વ-મુનિપૂજા અને ભક્તિનાં વિશેષ સમારંભ દ્વારા મનાવવામાં આવ્યું હતું. એ જ દિવસે બપોરે શાસ્ત્ર-પ્રવચન બાદ 'પૂજ્ય બહેનશ્રી ચંપાબેન ૭૨ મી જન્મ-જયંતી મહોત્સવ સમિતિ (અમદાવાદ)' તરફથી 'પ્રશમમૂર્તિ બહેનશ્રી' (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં સંક્ષેપ જીવનનો પરિચય) એક ગુજરાતી નાની પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી. આ સમિતિ તરફથી તથા શ્રી કાંતાબેન ખારા અને શ્રી પુષ્પાબેન દોશી તરફથી આ પુસ્તિકાની 'પ્રભાવના' સારાએ મુમુક્ષુ સમાજમાં કરવામાં આવી.

ભાદરવા વદ-૧, શનિવાર, તા. ૩૧-૮-૮૫ નાં દિવસે સવારે 'શ્રી પંચકલ્યાણક-મંડલવિધાન પૂજા' તથા પૂજ્ય ગુરુદેવનાં ટેપ-પ્રવચન બાદ શ્રી જિનેન્દ્ર ભગવાન અને ભગવતી જિનવાણી માતાની અતિ ભવ્ય રથયાત્રા નીકળી હતી. આ રથોત્સવ પંચકલ્યાણક જેવો અતિ મનભાવન હતો. ચાંદીની ગંધકુટિ ઉપર વિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવાનનો સમવસરણ વિહાર (હજારો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં), ધર્મધ્વજ અને ભગવત્કુન્દકુન્દાચાર્યદેવ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનાં ભવ્ય ચિત્રપટ તથા સમયસાર વગેરે પરમાગમ જિનવાણી યુક્ત બગીઓ, વઢવાણ શહેર તથા ઘાટ-કોપરની દિ. જૈન ભજન મંડળીઓ વગેરે વિવિધરંગી વિવિધતાઓથી શોભાન્વીત આ ભવ્ય જિનેન્દ્રરથમહોત્સવની શોભા જ અનોખી હતી. ટ્રસ્ટનાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કાર્યવાહક કમિટિનાં સભ્યો અને ટ્રસ્ટનાં મેનેજર વગેરે હિન્દી-ગુજરાતી મુમુક્ષુઓનાં હૃદય રથ-મહોત્સવમાં ભક્તિ-રસપૂર્ણ થયા હતા. આહ્‌લાદક વાતાવરણ જાણે પૂજ્ય ગુરુદેવશ્રીની મંગળમય અને કલ્યાણી ઉપસ્થિતિનો સંકેત કરતી હતી.

### * શ્રાવણ વદ બીજ : બહેનશ્રી-જન્મજયંતી *

આ મંગળ દિવસે વહેલી સવારે ૫ વાગે જિનમંદિર આનંદ સૂચક ઘંટારવથી ગુંજી ઉઠ્યું હતું. 'શ્રી પંચકલ્યાણક મંડળ વિધાન પૂજા' ની વિધિયુક્ત પૂર્ણ સમાપ્તિ બાદ, શ્રી પરમાગમ મંદિરનાં પ્રાંગણમાં ઉભો કરેલ વિશાળ, મનમોહક અને સુશોભિત મંડપમાં આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બેનશ્રીનાં વચનામૃત' ઉપર વિડિયો ટેપ-પ્રવચન રાખવામાં આવેલ જે અતિભવ્ય અને ઉત્સાહજનક હતું. ટેપ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીનાં સ્વમુખેથી પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિશોભિત અધ્યાત્મિક પવિત્રતા અને લોકોત્તર જાતિસ્મરણજ્ઞાનનું ગંભીર વર્ણન સાંભળી શ્રોતાસમુદાય આનંદિત થઈ ગયો હતો. વાતાવરણ મનમોહક હતું કે જાણે કલ્યાણદાતા પૂજ્ય ગુરુદેવની પ્રત્યક્ષ હાજરી હોય અને ઉપસ્થિત મુમુક્ષુ સમાજને ઉપદેશી રહ્યા હોય કે 'બહેનશ્રીનાં માટે માણુસો જેટલું બહુમાન કરે એટલું ઓછું છે.'

વિડિયો-પ્રવચન બાદ શ્રી અમદાવાદ દિ. જૈન મુમુક્ષુવૃન્દની તરફથી સ્વાનુભવ વિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને ગુણસ્તુતિયુક્ત અને ચાંદી મઢેલ ભવ્ય અભિનંદન-પત્ર અર્પણ કરવામાં આવ્યું.

જેમાં સ્પષ્ટ રીતે એ વ્યક્ત કરવામાં આવ્યું હતું કે સ્વાનુભૂતિવિભૂષિત પ્રશમ-પરિણત સમ્યગ્દૃષ્ટિ મહાત્માનો આદર, સ્તુતિ (ભક્તિ), બહુમાન વગેરે કરવું આગમવિહિત અને યથાયોગ્ય છે.

'दोषरहित गुणसहित सुधी जे, सम्यग्दरश सजे हैं,
चहितमोहवश लेश न संजम, पै सुरनाथ जजै हैं।'

ત્યારબાદ એ જ સુશોભિત મંડપમાં પૂજ્ય બહેનશ્રીને હિરાથી વધાવવાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૯૨ કુટુંબોએ આ બહુમૂલ્ય પ્રસંગનો લાભ લીધો હતો. 'જન્મ વધામણી'નાં પ્રસંગે દર્શનનો ક્રમ સાથે રાખવામાં આવ્યો હતો. સારું ય વાતાવરણ ભક્તિભાવથી એટલું ભરપૂર થઈ ગયું હતું કે જ્યાં જુઓ ત્યાં બધાના-અબાલવૃદ્ધ સૌના-તન-મન આનંદથી નાચી ઉઠ્યા હતા. સમારંભની શરૂઆતમાં પ્રશમરત્ન પૂજ્ય બહેનશ્રી નાજુક તબિયત હોવા છતા પણ ધીરે ધીરે મંડપમાં પધારી અને પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિશાળ દૈદિપ્યમાન ચિત્રપટનાં ભક્તિભાવથી દર્શન કર્યા ત્યારે જાણે પૂજ્ય ગુરુદેવશ્રી સદેહે ઉપસ્થિત થયા હોય તેવું મનોરમ દૃશ્ય લાગતું હતું. પૂજ્ય ગુરુદેવનાં દર્શન કરી લીધા બાદ પૂજ્ય બહેનશ્રીએ, પૂજ્ય ગુરુદેવનાં અલૌકિક ઉપકારોનું પવિત્ર સ્મરણ કરીને, તેમની અપાર મહિમા તથા આધ્યાત્મિક રસથી પરિપૂર્ણ તાત્ત્વિકવાણીથી મુમુક્ષુઓને ઉપદેશ્યા હતા.

બપોરે શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્ર-ભક્તિ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવનાં વિડિયો ટેપ-પ્રવચન વગેરે પછી રાત્રે (કુમારિકા બ્રહ્મચારી આશ્રમમાં) બાલિકાઓ તથા બ્રહ્મચારી બહેનો તથા અમદાવાદની મુમુક્ષુ બહેનો વગેરે દ્વારા મહિલા-મુમુક્ષુ-સમાજની સમક્ષ પ્રસંગોચિત નાટિકા તથા ભક્તિ વગેરેનો વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ પ્રકારે પૂજ્ય ગુરુદેવની પાવન પ્રેરણાથી અતિ આનંદ ઉલ્લાસ સાથે દરેક વર્ષે મનાવવામાં આવતો આ પાવનકારી મહોત્સવ પૂજ્ય ગુરુદેવનાં મંગળ-પ્રભાવનાનાં ઉદયનાં ગુંજારવને સવિશેષ આન્દોલિત કરીને ઉત્સાહ સાથે સંપૂર્ણ થયો.

* ઘાટકોપર અને વઢવાણની દિ. જૈન સંગીતમંડળીએ ભક્તિયુક્ત કાર્યક્રમ વડે ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી મનભાવન બનાવ્યો હતો. ભારતવર્ષીય 'શ્રી કુન્દ-કહાન-યુવક પરિવાર'નાં સભ્યોએ સારી એવી બહોળી સંખ્યામાં હાજર રહીને, મંડપ-સુશોભન, ભોજન વ્યવસ્થા તથા ઉતારા વગેરેની વ્યવસ્થા સંભાળી બહુમૂલ્ય સેવા આપી હતી. તે બદલ તેઓને ધન્યવાદ.

* મહોત્સવમાં શ્રાવણ વદ એકમનાં દિવસે સ્થાનિક મુમુક્ષુમંડળ સાથે આવેલ મહેમાનોનું ભોજન 'જન્મજયંતી-મહોત્સવ સમિતિ અમદાવાદ' તથા શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી (જમશેદપુર) તરફથી અને બીજનાં (જન્મજયંતીનાં) દિવસે 'જન્મ જયંતી મહોત્સવ સમિતિ' અને શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા (સુરત) તરફથી રાખવામાં આવ્યું હતું.

* ઉત્સવનાં પાંચ દિવસ સુધી સાહિત્ય-વેચાણમાં શ્રી કમળાબેન અમૃતલાલ મેઘાણી, મલાડ (હા. શ્રી દિનેશચંદ્ર તથા શ્રી જયવંતભાઈ મેઘાણી) તરફથી ૧૦ ટકા તથા શ્રી શાંતાબેન હીરાલાલ શાહ (દહેગામ) તરફથી ૧૫ ટકા કુલ મળીને ૨૫ ટકા તથા જન્મ જયંતીનાં દિવસે શ્રી મંજુલાબેન પુનાતર તરફથી ૧૦ ટકા વિશેષ એટલે કે ૩૫ ટકા ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું. આ પાંચ દિવસ દરમિયાન ૧૦,૦૦૦/— રૂપિયાનું સાહિત્ય વેચાયેલ હતું.

* જન્મજયંતી-મહોત્સવના હર્ષોપલક્ષમાં જલગાંવ નિવાસી સ્વ. શ્રી વ્રજલાલ મગનલાલ શાહના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી મહોત્સવના પાંચ દિવસ માટે પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનકેસેટની કિંમતમાં રૂા. ૩-૦૦નો ઘટાડો જાહેર કરવામાં આવતાં કુલ ૧૫૦૦ ટેપ-પ્રવચનો પોતાના ઘરે વસાવવાનો મુમુક્ષુઓને લાભ મળ્યો હતો. જન્મજયંતીના એક દિવસ માટે જામનગર નિવાસી મંજુલાબેન પુનાતર તરફથી રૂા. ૧-૦૦ નો ઘટાડો જાહેર કરવામાં આવતાં જન્મજયંતીના દિને ૭૫૦ ટેપ-પ્રવચનો વસાવવાનો મુમુક્ષુઓને લાભ મળ્યો હતો. પૂજ્ય બહેનશ્રીના મહિમા સંબંધી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના એક પ્રવચન માટે ભાવનગરનિવાસી શ્રી ધીરજલાલ ફુલચંદ તંબોળી તરફથી ૧૦૦ ટેપ-પ્રવચન માટે રૂા. ૩-૦૦નો ઘટાડો જાહેર કરવામાં આવ્યો હતો.

* આ મંગળ મહોત્સવમાં 'શ્રી પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા' (૧) શ્રી કાંતાબેન અનુપચંદભાઈ ખારા (રાંચી), 'પૂજ્ય બહેનશ્રી ચંપાબેન-૭૨મી જન્મજયંતી-મહોત્સવ સમિતિ (અમદાવાદ) (૩) શ્રી અમુલખભાઈ લાલચંદ શેઠ (જોરાવરનગર) તરફથી રાખવામાં આવેલ.

✻ આ જન્મજયંતીનાં મંગળ મહોત્સવ ઉપર લગભગ રૂા. ૨,૬૬,૯૪૨ સંસ્થાના વિવિધ ખાતામાં આવ્યા હતા. રૂા. ૮૨,૮૦૦ જન્મજયંતી નિમિત્તે '૭૨'ના આંકમાં, રૂા. ૨૦,૬૧૦ જિનેન્દ્રરથયાત્રામાં, રૂા. ૩૨૪૦ જિનેન્દ્ર–આરતીમાં, રૂપિયા ૯૨,૦૯૨ જન્મ-જયંતીનાં દિવસે મંડપમાં હિરાથી વધાવવાની વિધિમાં, રૂા. ૭,૬૩૨ જન્મ-જયંતી–અભિવાદનનાં પ્રસંગે પૂજ્ય બહેનશ્રીનાં ચરણોમાં; રૂા. ૧૦૩૬૮ પૂજ્ય બહેનશ્રીનાં નિવાસસ્થાન ઉપર શ્રાવણ વદ એકમનાં દિવસે શ્રી રમણીકલાલ શિવલાલ દોશી તથા શ્રી હરગોવિંદદાસ લાલચંદ ગોપાણી તરફથી હીરાથી વધાવવાની વિધિમાં, પૂજ્ય બહેનશ્રીના નિવાસ્થાને પાંચ દિવસ દમ્યાન તેઓશ્રીના ચરણોમા તેમજ હાર રૂપે રૂા. ૩૫,૨૦૦ તથા રૂા. ૧૫૦૦૦/– બીજા ખાતામાં—એમ કુલ મળીને અંદાજે ૨,૬૬,૯૪૨ રૂપિયા સંસ્થાના વિવિધ ખાતા માટે જાહેર થયા હતા.

✻ ગુજરાતી 'આત્મધર્મ'નાં ૪૮ વાર્ષિક તેમજ ૩૨ આજીવન અને હિન્દી 'આત્મધર્મ'નાં ૧૯ વાર્ષિક અને ૬ આજીવન નવા ગ્રાહકો બન્યા હતા. આત્મધર્મમાં ૨૫ ટકા ડિસ્કાઉન્ટ રાખવામાં આવેલ હતું.

✻ આ વર્ષે પ્રૌઢધાર્મિક શિક્ષણવર્ગમાં તથા પૂજ્ય બહેનશ્રીની ૭૨ મી જન્મ-જયંતીમાં હિન્દીભાષી મુમુક્ષુવૃન્દે વિશાળ સંખ્યામાં હાજરી આપી સારો ધર્મલાભ લીધો. પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગળવર્ધિની છાયામાં ચાલતા યથાવત ધાર્મિક કાર્યક્રમ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ હૃદયથી સમર્પિત શ્રદ્ધાવાળા હિન્દીભાષી મુમુક્ષુઓ પ્રત્યેનું નિર્મળ તથા હૃદયભીના અંતઃકરણપૂર્વકનું ધર્મવાત્સલ્ય જોઈને પધારેલ હિન્દીભાષી મુમુક્ષુ હર્ષાશ્રુ સાથે આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ધન્યાવતાર પૂજ્ય બહેશ્રીની સ્વાનુભવરસપૂર્ણ અમૃતવાણી સાંભળીને અને સુવર્ણપુરીની પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ ભક્તિયુક્ત પ્રવૃત્તિથી પ્રભાવિત થઈને હિન્દીભાષી મુમુક્ષુઓએ એક સભા યોજી, જેમાં સર્વ સંમતિથી અને જયઘોષનાં ગગનભેદી જયકારથી એ પ્રસ્તાવ સ્વીકારી લીધો કે– અમારા તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની આવતી ૯૭ મી જન્મજયંતી તથા પૂજ્ય ચંપાબેનની ૭૩ મી જન્મ-જયંતી સોનગઢમાં–પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભુમિમાં – આ બન્ને મહાપુરુષો પ્રતિ અનન્ય શ્રદ્ધાવાળા હિન્દીભાષી મુમુક્ષુઓ તરફથી ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે. એ જ સમયે, વગર બોલીએ, જન્મ-જયંતી મહોત્સવ ઉજવવા માટે હિન્દી-ભાષી દાતાઓ તરફથી રૂા. ૧,૨૫,૦૦૦ ઉલ્લાસપૂર્વક જાહેર કરવામાં અવ્યા હતા.

✻ શ્રી દશલક્ષણ પર્યુષણપર્વ (તા. ૧૮–૯–૮૫ થી તા. ૨૭–૯–૮૫) પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્ય યુક્ત (દશલક્ષણધર્મ ઉપર) ટેપ-પ્રવચનો, શાસ્ત્રવાંચન તથા 'દશલક્ષણધર્મ મંડળ વિધાનપૂજા' આદિ ઉત્સવપૂર્વક અતિ ઉમંગથી ઉજવવામાં આવશે.

✻ શ્રી ઉત્તમ ક્ષમાવાણી-પર્વ ભાદરવા વદ એકમ તા. ૨૯–૯–૮૫ રવિવારનાં રોજ ક્ષમાવણીપૂજાના સમારોહપૂર્વક હર્ષોલ્લાસ સહિત ઉજવાવામાં આવશે.

# * કહાન-ગુરુ જીવન-દર્શન *

સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનોને નિવેદન છે કે સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ તીર્થધામમાં પૂજ્ય ગુરુદેવની પાવનસ્મૃતિ 'શ્રી કહાનગુરુ-જીવન-દર્શન'નાં ફોટોગ્રાફિક ચિત્ર બનાવવા ઇચ્છીએ છીએ. એમાં મુખ્યપણે નીચે મુજબનાં બે વિભાગ રહેશે.

( અ ) પૂજ્ય ગુરુદેવશ્રીનાં અંર્તબાહ્ય જીવન દર્શાવતા ફોટોગ્રાફિક ચિત્ર.

( બ ) પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા થયેલ પ્રભાવના દર્શાવતા ફોટોગ્રાફિક ચિત્ર.

બન્ને વિભાગ માટે આપની પાસે વ્યક્તિગત કે મંડળમાં નીચે જણાવ્યા મુજબનાં ફોટાઓ હોય તો 'શ્રી ડૉ. પ્રવિણભાઈ ડી. દોશી, મોર્ડન કલીનીક, સર લાખાજીરાજ રોડ, રાજકોટ ( સૌરાષ્ટ્ર ) પીન. ૩૬૦ ૦૦૧'નાં સરનામે એક માસમાં મોકલવા આગ્રહ ભરી વિનંતી છે.

❋ વિભાગ ( અ ) પૂજ્ય ગુરુદેવશ્રીના અંતરંગ અને બાહ્ય જીવન દર્શાવતાં ફોટાઓ.

આ વિભાગમાં નીચેનાં પ્રસંગોને આવરી લેવામાં આવ્યા છે. તો તે સંબંધી ફોટા મોકલવા નમ્ર વિનંતી છે.

(૧) પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ :—જન્મધામ, જન્મસ્થાન, કમળ અને બાળ અવસ્થા તથા જન્મની અન્ય સ્મૃતિઓ અને બાળપણના ફોટા.

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીનું ગૃહસ્થ-જીવન :—વ્યાપાર, વૈરાગી જીવન પ્રસંગ, પાઠશાળામાં અભ્યાસ, વૈરાગ્યપૂર્ણ નાટક વગેરેનાં દશ્યો—જે કાંઈ આપની પાસે હોય તે.

(૩) પૂજ્ય ગુરુદેવશ્રીનો દીક્ષા-મહોત્સવ.

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીનું મનન-પવરિર્તન :—શ્વેતામ્બર સાધુ સમયનાં ભરચક સભાવાળા ફોટા, તે સમયનાં મનન વગેરેનાં ફોટા તથા સોનગઢમાં પરિવર્તનનાં ફોટા.

(૫) પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પરિવર્તન પછી જ્ઞાનની પ્રભાવના :—વ્યાખ્યાન સમયનાં વૈવિધ્ય સભર ફોટાઓ; શાસ્ત્ર ભેટ દેતા હોય, કે 'ૐ' વગેરે હસ્તાક્ષર આપતા ફોટા.

(૬) પૂજ્ય ગુરુદેવશ્રી દ્વાર દિગંબર જૈનધર્મની પ્રભાવના :—અંકન્યાસ વિધિ અને પ્રતિષ્ઠા-પ્રસંગ, પ્રતિષ્ઠામાં આહારદાન કરાવતા, તથા પૂ. ગુરુદેવશ્રી દ્વારા શાસ્ત્ર પ્રકાશન-વિમોચનનો પ્રસંગ દર્શાવતા ફોટા, શિક્ષણ-શિબિરનો પ્રસંગ; યાત્રાનાં પ્રસંગ વગેરે...

(૭) પૂજ્ય ગુરુદેવશ્રીની વ્યાખ્યાનનાં સમયની વિવિધ ભાવવાહી મુદ્રાઓ.

(૮) પૂજ્ય ગુરુદેવશ્રીની દિનચર્યા :— સવારનાં પ્રસંગો, જિન-મંદિરમાં દર્શન, વ્યાખ્યાન, આહાર, ચિંતન-મનન, ધ્યાન, ભક્તિ, અધ્યયન, ચર્ચા, વગેરે.

(૯) પૂ. ગુરુદેવશ્રીનાં વ્યક્તિ વિશેષ સાથેનાં ફોટા.

(૧૦) પૂ. ગુરુદેવશ્રીનાં સાનિધ્યમાં ઉજવવામાં આવેલ અન્ય ધાર્મિક ઉત્સવ જેમ કે- મહાવીર-જયંતી, શ્રુતપંચમી.

(૧૧) પૂ. ગુરુદેવશ્રીની પૂ. બહેનશ્રી જેવા પવિત્ર જ્ઞાનીની ઓળખ કરાવી આપણા ઉપર કરેલ પરમ કૃપા :—

(૧) પૂ. બહેનશ્રીની મહિમા કરતા પૂ. ગુરુદેવશ્રીના દશ્યો.

(૨) 'વચનામૃત' ભેટ દેતા હોય તેવા ફોટા.

(૩) પૂ. ગુરુદેવશ્રીની હાજરીમાં હીરાથી વધાવેલ પ્રસંગો, પૂ. ગુરુદેવશ્રીના સાનિધ્યમાં પૂ. બહેનશ્રીને 'અભિનંદન-પત્ર' દેતા પ્રસંગો.

બ વિભાગ—પૂ. ગુરુદેવશ્રી દ્વારા ધર્મ પ્રભાવના.

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા જે જિન-મંદિરોની પંચકલ્યાણક-પ્રતિષ્ઠા અથવા વેદી-પ્રતિષ્ઠા થઈ હોય તે મંદિરોનો એક મુખ્ય ફોટો-૧૨"×૧૫".

(૨) ઉપરોક્ત મંદિરની પ્રતિષ્ઠા વિધિનાં સમયે બીજા છ સારા દશ્યોનાં ૪"×૬" કેબીનેટ સાઈઝનાં ફોટા.

સૂચનાઓઃ—(૧) વિભાગ 'બ'નાં ફોટાઓ બને ત્યાં સુધી અથવા બધા આડા (હોરીઝોન્ટલ) અથવા બધા ઉભા (વર્ટીકલ) હશે તો વધારે અનુકૂળ રહેશે.

(૨) વિભાગ 'અ' તથા 'બ' બન્ને માટે ફોટો ચમકતા લીસા પેપર ઉપર ન હોય તે વધારે ઈચ્છનીય છે.

(૩) જિન-મંદિરનાં ફોટાઓ મંડળ પાસે ન હોય તો નવા પડાવી મોકલવા.

(૪) જે શહેરોમાં પૂજ્ય ગુરુદેવ દ્વારા જિન-મંદિરોની પ્રતિષ્ઠા ઉપરાંત માન-સ્તંભ, સમવસરણ, સ્વાધ્યાય મંદિર વગેરે નિર્મિત થયા હોય તો તેના ફોટા પણ મોકલવા નમ્ર વિનંતી.

(૫) ઉપર દર્શાવેલ ફોટાઓ ઉપરાંત બીજા પણ પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિશિષ્ટ વ્યક્તિત્વ દર્શાવતા ફોટાઓ પણ મોકલવા નમ્ર પ્રાર્થના.

—શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર) પીન-૩૬૪ ૨૫૦

# * સુવર્ણ અવસર *

## અખિલ ભારતીય હિન્દીભાષી મુમુક્ષુવૃન્દનું નિવેદન

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંપૂર્ણ ભારત ઉપર અનંત અનંત ઉપકાર છે, જેઓએ પોતાનાં બાહ્યાંતર પુણ્ય અને પવિત્રતાનાં વૈભવ વડે ભારતને જ નહીં પણ સંપૂર્ણ વિશ્વને ઉપકૃત કરેલ છે. આ હુંડાવસર્પિણી જેવા વિષમકાળમાં 'ભગવાન આત્મા'ની સિંહગર્જના દ્વારા દિગમ્બર જૈનશાસનનાં ગંભીર રહસ્યોને એકદમ સરળ ભાષામાં ઉપદેશીને તેઓએ હજારો જીવોનું હૃદયપરિવર્તન કરેલ છે.

એવા એ કૃપાળુ ગુરુદેવનો અમારા હિન્દીભાષીઓ ઉપર અનહદ પ્રેમ હતો. પોતાની માતૃભાષા હિન્દી ન હોવા છતા પણ હિન્દીભાષી જીવોનાં કલ્યાણ માટે પ્રાર્થના કરવાથી તેઓ તરત હિન્દીમાં પ્રવચન દેતા હતા, અને આજ પણ તે ટેપ-પ્રવચન દ્વારા હજારો જીવોનો પુણ્ય અને પવિત્રતાનો પથ પ્રશસ્ત કરતા રહે છે. એ જીવન-આધાર ગુરુદેવની તો શું વાત કરીએ !

એવા કૃપાસાગર અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પાવન સાધનાભૂમિ સુવર્ણપુરી તીર્થધામમાં પ્રશમમૂર્તિ પૂ. ભગવતી માતાની શીતલ છાયામાં પૂ. ગુરુદેવની ૯૬મી જન્મજયંતી ઉજવવાનું પરમ સૌભાગ્ય અમારા અ. ભા. હિન્દીભાષી મુમુક્ષુવૃન્દને પ્રાપ્ત થયેલ છે, જેને અમે બધા મુમુક્ષુઓ પોતાનું પરમ સૌભાગ્ય માનીએ છીએ.

સાથે સાથે પૂ. પ્રશમમૂર્તિ ભગવતી માતાની પણ અમારા હિન્દીભાષી મુમુક્ષુઓ ઉપર અનહદ કૃપા છે. એમની દૈવી શક્તિ અદ્‌ભૂત અને અચિન્ત્ય છે. આજે સારાએ વિશ્વમાં દેહનાલબ્ધિનું જે એકમાત્ર સ્થાન છે, એવા એ ભગવતી માતાની ૭૩ મી જન્મજયંતી ઉજવવાનું પરમ સૌભાગ્ય અમોને મળી રહ્યું છે. જેથી વાસ્તવમાં અમે પોતાને ધન્ય માનીએ છીએ

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટનો પણ અમે ખૂબ જ આભાર માનીએ છીએ કે જેઓએ અમને આ પવિત્ર કાર્યની સ્વીકૃતિ આપી, આભારી કર્યા. ફરી ફરી ભગવતી માતાનાં ચરણોમાં કોટી કોટી વંદન કરીએ છીએ.

સુવર્ણપુરી, તા. ૧-૯-૮૫
શ્રાવણ વદ બીજ
પૂ. બહેનશ્રીનો ૭૨ મો
જન્મ-જયંતી મહોત્સવ.

પ્રમુખ :- અ. ભા. હિન્દીભાષી મુમુક્ષુવૃન્દ,
સોનગઢ.

પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો
વ્યવસ્થાપક-અ. ભા. હિન્દીભાષી મુમુક્ષુવૃંદ
જન્મ-જયંતી મહોત્સવ સમિતિ
C/o શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ૩૬૪ ૨૫૦ ( સૌરાષ્ટ્ર )

## વૈરાગ્ય સમાચાર—

* ગોંડલનિવાસી ( હાલ અમદાવાદ ) શ્રી પ્રવિણચંદ્ર મોહનલાલ વોરા ( વર્ષ-૬૨ ) તા. ૧૪-૬-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સીકંદરાબાદનિવાસી શ્રી હર્ષદભાઈ મણિલાલ મહેતા ( વર્ષ-૫૬ ) તા. ૨૨-૬-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચરખડીયાનિવાસી ( હાલ સુરત ) શ્રી રળીયાતબહેન ( હરિભાઈના માતુશ્રી) ( વર્ષ-૭૫ ) તા. ૧૩-૭-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી શ્રી કંચનબહેન હિંમતલાલ ગોપાણી ( વર્ષ-૭૦ ) તા. ૨૫-૭-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* માલાવાડાનિવાસી ( હાલ મુંબઈ ) શ્રી શાહ નવીનચંદ્ર કેશવલાલ શાહના માતુશ્રી સવિતાબેન ( વર્ષ-૬૪ ) તા. ૨૮-૭-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી ( હાલ-ગોરેગાંવ ) શ્રી હરિલાલ જટાશંકર મહેતા ( તે શ્રી ધારશીભાઈના નાનાભાઈ ) ( વર્ષ-૭૨ ) તા. ૬-૮-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી વ્રજલાલ હીરાચંદ અજમેરા ( વર્ષ-૮૦ ) તા. ૮-૮-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી ( હાલ-ઘાટકોપર ) શ્રી ધીરજબેન બાબુલાલ નાનજી શાહ ( વર્ષ-૭૬ ) તા. ૧૩-૮-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી વિજયાબેન મનુભાઈ સોમચંદ શાહ ( કે જેઓને છેલ્લા ૨૫ વર્ષથી છાતીથી પગ સુધીનું શરીર તદ્દન ચેતનરહિત થઈ ગયેલું ) ( વર્ષ-૬૨ ) તા. ૧૩-૮-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી ગંગાબેન હેમરાજ બાટવીયા ( મંજુલાબેન એન. મહેતાના માતુશ્રી ) ( વર્ષ-૮૫ ) તા. ૨૧-૮-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી ( હાલ-સાંગલી ) શ્રી કંચનબેન વેણીલાલ ( વર્ષ-૭૦ ) તા. ૨૬-૮-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્‌ગત આત્માઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો; વારંવાર સોનગઢ આવીને આત્મકલ્યાણની ભાવનાની પુષ્ટિ કરતા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપાવડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

# ✻ આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો ✻

૧. પાંચ ઇન્દ્રિયો અને કષાયનો નિગ્રહ કરીને અધ્યયન કરવું એ જ ધ્યાન છે. માટે પંચમકાળમાં પ્રવચનસારનો (જિનાગમનો) અભ્યાસ જ કર્તવ્ય છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા-૯૫)

૨. જેમ દૃઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણ નદીમાં જલ વધવા છતાં પણ મુસાફરી કરતાં ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને તથાપ્રકારે સમજ્યો છે તથા વાસ્તવિક આત્મ-શાંતિનો કોઈ અંશે જેને અનુભવ થયો છે તે પુરુષ રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ પ્રાપ્ત થતો નથી. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૪)

૩. ચૈતન્યમય તે ઉત્કૃષ્ટ જ્યોતિનું તત્પરતાથી ધ્યાન કરો કે જેના વિના વિદ્યમાન વિશ્વ પણ અવિદ્યમાનવત્ પ્રતિભાસે છે તથા જે ઉપસ્થિત હોતાં તે વિશ્વ નિશ્ચિતપણે યથાર્થ સ્વરૂપે પ્રતિભાસે છે.

(શ્રી પદ્મનંદી આચાર્ય, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૨૯)

૪. પરમાત્મદેવ સ્વદેહમાં સ્થિત હોવા છતાં પણ જે દેવને બીજે ગોતે છે તે મૂઢબુદ્ધિ ઘરમાં ભોજન તૈયાર હોવા છતાં પણ ભિક્ષા માટે બહાર ભટકે છે તેમ હું માનું છું.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર, શ્લોક-૨૨)

૫. અહો! ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્મા સૂર્યના, ચંદ્રના, ચિંતામણિ-રત્નના, ઉત્તમ કામધેનુના, દેવલોકના, વિદ્વાનના, તથા વાસુદેવના અખંડિત ગર્વને ચકચૂર કરતો વિજયવંત—અખંડ પ્રતાપવંત વર્તે છે.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૧૭, શ્લોક-૧૨)

૬. આ આત્મા અરિહંત અને સિદ્ધના સ્વરૂપે ધ્યાવવામાં આવતાં ચરમશરીરીને મુક્તિ પ્રદાન કરે છે અને તેના ધ્યાન સાથે પુણ્ય ઉપાર્જન કરનાર અન્યને તે ભુક્તિ (સ્વર્ગ, ચક્રવર્તી આદિના ભોગો) પ્રદાન કરે છે.

(શ્રી નાગસેન મુનિરાજ, તત્ત્વાનુશાસન, શ્લોક-૧૯૭)

---

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વેની આત્મધર્મ-પરિવાર ક્ષમા માંગે છે.

—સંપાદક

# * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

૨૦૩૫ શ્રી રમાબેન કિશોરચંદ્ર ગાંધી, મુંબઈ
૨૦૩૬ ,, કોકીલાબેન ગૌરવભાઈ, અમદાવાદ
૨૦૩૭ ,, દીલીપભાઈ જે. શાહ, સીંકદરાબાદ
૨૦૩૮ ,, આર. વી. શાહ, મુંબઈ
૨૦૩૯ ,, કીશોર એમ. શાહ, ,,
૨૦૪૦ ,, અરૂણ સી. શાહ, ,,
૨૦૪૧ ,, ચંદ્રિકાબેન કે. વોરા, લીંબડી
૨૦૪૨ ,, હીંમતલાલ મોહનલાલ રોળીયા, જસદણ
૨૦૪૩ ,, જ્યોતિબેન શાહ, મુંબઈ
૨૦૪૪ ,, મેઘના મુકેશકુમાર પુજારા, રાજકોટ
૨૦૪૫ ,, ઝવેરી બંધુ, મુંબઈ
૨૦૪૬ ,, દિપકકુમાર નગીનદાસ અજલાણી, સુરત
૨૦૪૭ ,, ભરતકુમાર મોહનલાલ શાહ, અંકલેશ્વર
૨૦૪૮ ,, સંધ્યાબેન જૈન, સકિાહાબાદ
૨૦૪૯ ,, ટેકચંદ જેઠાલાલ શાહ, મુંબઈ
૨૦૫૦ ,, ગાંગજીભાઈ શામજીભાઈ ,,
૨૦૫૧ ,, નવીનચંદ્ર ખીંચશીભાઈ ,,
૨૦૫૨ ,, વાડીલાલ ગાંગજીભાઈ શાહ ,,
૨૦૫૩ ,, દેવચંદ રાઘવજી શાહ ,,
૨૦૫૪ ,, ભોજરાજ ખીંચશીભાઈ ,,
૨૦૫૫ શ્રી ન્યાલચંદ ધનજીભાઈ દોશી, સુરેન્દ્રનગર
૨૦૫૬ ,, વ્રજલાલ નરભેરામ શેઠ, જામનગર
૨૦૫૭ ,, પ્રભુદાસ તારાચંદ કામદાર, સોનગઢ
૨૦૫૮ ,, વિસનજી મેઘજી હરીયા, મુંબઈ
૨૦૫૯ ,, નગીનદાસ નારણદાસ શાહ, સુરેન્દ્રનગર
૨૦૬૦ ,, દલપતભાઈ બાબભાઈ પટેલ, સુરત
૨૦૬૧ ,, બ્ર. કલ્પનાબેન જૈન, સાગર
૨૦૬૨ ,, ભગવતસિંહ જે. કંથારીયા, આણંદ
૨૦૬૩ ,, પ્રવીણચંદ્ર ચુનીલાલ સંઘવી, ભાયંદર
૨૦૬૪ ,, જ્યોતિબેન મુકેશભાઈ શાહ, (કેન્યા)
૨૦૬૫ ,, હંસરાજભાઈ દેવરાજ શાહ, નાયરોબી
૨૦૬૬ ,, શીશીર એસ. શાહ, ભીવંડી
૨૦૬૭ ,, ઝવેરભાઈ પી. શાહ, મુંબઈ
૨૦૬૮ ,, નિલેષભાઈ કે. મહેતા, ભાવનગર
૨૦૬૯ ,, અશોકભાઈ શાંતીલાલ પરીખ, મુંબઈ
૨૦૭૦ ,, દક્ષાબેન કીશોરભાઈ શાહ, નાયરોબી
૨૦૭૧ ,, મોતીચંદ દેવરાજ ગલૈયા, ,,
૨૦૭૨ ,, હસમુખભાઈ ખેતશીભાઈ વોરા, નંદરબાર
૨૦૭૩ ,, નીશીકાંત જયંતીલાલ ભાઉ, મુંબઈ

[આજીવન ફી : ૧૦૧-૦૦] [ક્રમશઃ]

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandri
Trust, SONGAD-364 250-INDIA

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ